dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26


Year -09 | Issue-68 | AD - 2025, Magshar Vad - 07 | Thursday, Dt.11-12-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


**ગોવા નાઈટક્લબમાં આગ લાગ્યા બાદ બંને માલિકો થાઈલેન્ડ ભાગી ગયા અને ત્યાંથી દિલ્હીની કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી**

# ગોવા નાઈટક્લબના માલિકોને વચગાળાની રાહત આપવાનો કોર્ટનો ઈન્કાર

નવીદિલ્હી,તા.૧૦

ગોવાના રોમિયો લેન નાઈટક્લબના માલિક સૌરભ અને ગૌરવ લુથરા બુધવારે દિલ્હી કોર્ટમાંથી વચગાળાની રાહત મેળવવામાં નિષ્ફળ ગયા. કોર્ટે તેમની આગોતરા જામીન અરજી પર સુનાવણી આગામી દિવસ સુધી મુલતવી રાખી. એડિશનલ સેશન્સ જજ વંદનાએ બંને ભાઈઓ દ્વારા દાખલ કરાયેલી આગોતરા જામીન અરજી પર ગોવા સરકાર પાસેથી જવાબ માંગ્યો અને આગામી સુનાવણી ગુરુવાર માટે નક્કી કરી. ભાઈઓએ ચાર અઠવાડિયાના ટ્રાન્ઝિટ આગોતરા જામીન માંગ્યા છે જેથી થાઈલેન્ડથી દિલ્હી પરત ફરતા તેમની તાત્કાલિક ધરપકડ ન થાય. તેઓએ ધરપકડથી વચગાળાનું રક્ષણ પણ માંગ્યું છે. થાઈલેન્ડ ભાગી ગયેલા લુથરા ભાઈઓએ આગોતરા જામીન અરજીમાં પોતાને પીડિત ગણાવ્યા છે અને દાવો કર્યો છે કે તેમને કોઈ આધાર વિના આરોપી બનાવવામાં આવી રહ્યા છે. સુનાવણી દરમિયાન, આરોપી સૌરભ લુથરાનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ સિદ્ધાર્થ લુથરાએ તબીબી કારણો ટાંક્યા અને આરોપીના સ્વાસ્થ્યની સ્થિતિ સમજાવી, જેમાં વાઈ અને હાઈ બ્લડ પ્રેશર જેવી ગંભીર બીમારીઓ સામેલ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આરોપીઓ ક્લબના માલિક નથી, પરંતુ ફક્ત લાઈસન્સધારકો છે, માન્ય પરવાનગી સાથે કાર્યરત છે. તેમણે સ્પષ્ટતા કરી કે માલિકીના અધિકારો કોઈ બીજા પાસે છે. ગોવા નાઈટક્લબ આગ કેસની સુનાવણી દિલ્હીની રોહિણી કોર્ટમાં થઈ હતી. સુનાવણી દરમિયાન, રોહિણી કોર્ટે જણાવ્યું હતું કે અરજદાર તેના અધિકારક્ષેત્રમાં શારીરિક રીતે હાજર નથી. કોર્ટે પ્રશ્ન કર્યો કે આવી પરિસ્થિતિઓમાં આગોતરા



જામીન અરજી કેવી રીતે મંજૂર કરી શકાય. જવાબમાં, લુથરા બંધુઓનું પ્રતિનિધિત્વ કરતા વકીલ તનવીર અહેમદ મીરે કોર્ટના પ્રશ્નનો જવાબ આપવા માટે કાનૂની પૂર્વધારણાઓ ટાંકી. તેમણે જણાવ્યું હતું કે તેઓ અરજી દાખલ કરી રહ્યા છે કારણ કે અરજદાર કોર્ટના અધિકારક્ષેત્રમાં કાયમી રહેવાસી હતા. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેઓ ફક્ત ધરપકડથી રક્ષણ માંગી રહ્યા છે. જોકે, રાજ્યના વકીલે વિગતવાર સ્થિતિ અહેવાલ દાખલ કરવા માટે સમય માંગ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આરોપી દેશ છોડીને ભાગી ગયા છે, ગોવા કોર્ટે પહેલાથી જ બિન-જામીનપાત્ર વોરંટ જારી કરી દીધું છે, અને અન્ય સંબંધિત તથ્યો રેકોર્ડ પર મૂકવાની જરૂર છે. કોર્ટે રાજ્યને બધી જરૂરી માહિતી સાથે તેનો જવાબ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો અને આ બાબતને બીજા દિવસે વિચારણા માટે નક્કી કરી. આરોપીનું પ્રતિનિધિત્વ કરતા વકીલ તનવીર અહેમદ મીરે કોર્ટને આગામી સુનાવણી સુધી અરજદારને વચગાળાનું રક્ષણ આપવા વિનંતી કરી. રાજ્યના વકીલે આ વિનંતીનો વિરોધ કર્યો અને કોઈપણ વચગાળાની રાહત આપવાનો સખત વિરોધ કર્યો. આ નાઈટક્લબના માલિકો સૌરભ લુથરા અને ગૌરવ લુથરા છે. ક્લબની સત્તાવાર વેબસાઈટ અનુસાર, સૌરભ લુથરા એક સુવર્ણ ચંદ્રક વિજેતા એન્જિનિયર છે જે પાછળથી ઉદ્યોગસાહસિક બન્યા અને રેસ્ટોરન્ટ વ્યવસાયમાં સામેલ છે. એવો પણ દાવો કરવામાં આવે છે કે સૌરભને ૨૦૨૩ માં આદર્શ રેસ્ટોરન્ટ માલિક એવોર્ડ મળ્યો હતો અને ભૂતકાળમાં તેને અનેક અન્ય સન્માનો મળ્યા છે. સૌરભનો જન્મ દિલ્હીમાં થયો હતો અને તેણે કમ્પ્યુટર સાયન્સમાં બી.ટેક ડિગ્રી મેળવી છે. સૌરભે બિઝનેસ ડેવલપમેન્ટ મેનેજર તરીકે કામ કર્યા પછી, વ્યવસાયનો માર્ગ પસંદ કર્યો. તેણે પહેલા ઉત્તરપૂર્વ દિલ્હીમાં મામાઝ બોય નામનું કાફે-લાઉન્જ ખોલ્યું. ત્યારબાદ તેણે હડસન લેન પર ડ્રામાબાઝ નામનો બાર ચલાવ્યો. જો કે, તે રોમિયો લેન હતું જેણે લુથરા ભાઈઓને ઓળખ અપાવી. સૌરભ અને ગૌરવે સાથે મળીને દિલ્હી, નોઈડા, ગુરુગ્રામ, ગોવા, ભોપાલ, ઈન્દોર, દેહરાદૂન અને લખનૌ સહિત ૩૦ થી વધુ શહેરોમાં તેમના રેસ્ટોરન્ટ-બાર કામગીરીનો વિસ્તાર કર્યો છે.

# ઉત્તરપ્રદેશની મતદાર યાદીમાંથી ત્રણ કરોડ મતદારોને દૂર કરવામાં આવશે, ચૂંટણી પંચે પુનઃચકાસણીનો નિર્દેશ આપ્યો

(એચ.એસ.એલ),લખનૌ,તા.૧૦

ચૂંટણી પંચે તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને મતદાર યાદીમાંથી દૂર કરાયેલા મતદારોની પુનઃચકાસણી કરવાનો નિર્દેશ આપ્યો છે. અત્યાર સુધીમાં, આ શ્રેણીમાં ૧૮.૪૮ ટકા મતદારોની ઓળખ થઈ છે. પંચે સમીક્ષા બેઠકમાં આ સંખ્યા ખૂબ વધારે ગણાવી હતી. પરિસ્થિતિ એવી છે કે, વર્તમાન અહેવાલો અનુસાર, આશરે ૩૦ મિલિયન મતદારોના નામ યાદીમાંથી દૂર કરવામાં આવશે, જે કેરળના કુલ મતદારો




કરતા વધુ છે.

યુપીના મુખ્ય ચૂંટણી અધિકારી નવદીપ રિનવાએ જણાવ્યું હતું કે ભારતના ચૂંટણી પંચના વરિષ્ઠ નાયબ ચૂંટણી કમિશનર મનીષ ગર્ગની અધ્યક્ષતામાં રાજ્યના તમામ વિભાગીય કમિશનરો, રોલ ઓબ્ઝર્વરો, ખાસ રોલ ઓબ્ઝર્વરો, જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને વધારાના જિલ્લા ચૂંટણી અધિકારીઓ સાથે એક ઓનલાઈન બેઠક યોજાઈ હતી. સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન સંબંધિત પ્રવૃત્તિઓની સમીક્ષા કરવામાં આવી હતી.

રાજ્યમાં કુલ ૧૫.૪૪ કરોડ મતદાર ગણતરી ફોર્મમાંથી, ૯૮.૧૪ ટકા ગણતરી ફોર્મ પૂર્ણ થઈ ગયા છે. આ ડિજિટાઇઝ્ડ ગણતરી ફોર્મમાંથી, ૭૯.૯૫ ટકા મતદાર અથવા પરિવારના સભ્યની સહી સાથે પ્રાપ્ત થયા હતા. આ ડિજિટાઇઝ્ડ ગણતરી ફોર્મમાંથી, ૧૮.૪૮ ટકા મતદારોને બિન-સંગ્રહિત, એટલે કે મૃત, કાયમી સ્થાનાંતરિત, ગેરહાજર અને ડબલ-એન્ટ્રી મતદારો તરીકે ચિહ્નિત કરવામાં આવ્યા હતા.

આ સંદર્ભમાં, બધા જિલ્લા ચૂંટણી અધિકારીઓને મૃત, કાયમી સ્થાનાંતરિત, ગેરહાજર અને ડુપ્લિકેટ એન્ટ્રી ધરાવતા મતદારોની ફરીથી ચકાસણી કરવાની સૂચના આપવામાં આવી હતી.

# 'તમારા પૈસા, તમારા અધિકારો' યોજના હેઠળ રૂ. ૨,૦૦૦ કરોડ પાછા મળ્યા : પીએમ મોદી

નવીદિલ્હી,તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે સરકારની "તમારા પૈસા, તમારા અધિકારો" પહેલ હેઠળ, દેશભરના નાગરિકોને ખોવાયેલા નાણાકીય દાવાઓ પરત કરવાની પ્રક્રિયા ઝડપથી આગળ વધી રહી છે. તેમણે જણાવ્યું હતું કે ઓક્ટોબર ૨૦૨૫ માં શરૂ કરાયેલી આ યોજના હેઠળ, અત્યાર સુધીમાં આશરે ૨,૦૦૦ કરોડ તેમના હકદાર માલિકોને પરત કરવામાં આવ્યા છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું



કે આ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે જેથી દરેક નાગરિક સરળતાથી તેમની ખોવાયેલી નાણાકીય સંપત્તિ પાછી મેળવી શકે. તેમણે કહ્યું કે આ ખોવાયેલા નાણાંને નવી તકોમાં ફેરવવાની તક છે. પીએમ મોદીએ લોકોને "તમારા પૈસા, તમારા અધિકારો" અભિયાનમાં ભાગ લેવા અપીલ પણ કરી.

મોદીએ માહિતી આપી કે દેશના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં ૪૭૭ જિલ્લાઓમાં સુવિધા શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં મહત્તમ કવરેજ અને પહોંચ સુનિશ્ચિત કરવા માટે દૂરના વિસ્તારો પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. સરકાર, નિયમનકારી સંસ્થાઓ, બેંકો અને અન્ય નાણાકીય સંસ્થાઓના સંકલિત પ્રયાસો દ્વારા, નાગરિકોને આશરે ૨,૦૦૦ કરોડ પાછા આપવામાં આવ્યા છે.

વડાપ્રધાને આ ઝુંબેશને વ્યાપકપણે ફેલાવવામાં સહયોગ આપવા જનતાને અપીલ કરી. તેમણે નાગરિકોને વિનંતી કરી કે તેઓ અથવા તેમના પરિવારના સભ્યો પાસે કોઈ દાવો ન કરાયેલી થાપણો, વીમાની રકમ, ડિવિડન્ડ અથવા રોકાણ છે કે કેમ તે તપાસે. તેમણે લોકોને તેમના અધિકારો મેળવવા માટે સમર્પિત પોર્ટલ અને સુવિધા શિબિરોનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

# સીજેઆઈને ચૂંટણી કમિશનરની નિમણૂંક કરતી સમિતિમાંથી કેમ દૂર કરાયા : રાહુલ ગાંધી

નવીદિલ્હી,તા.૧૦

સતત બીજા દિવસે, લોકસભામાં એસઆઈઆર સહિત ચૂંટણી સુધારાઓ પર ચર્ચા થઈ. રાહુલ ગાંધીએ પૂછ્યું હતું કે સીજેઆઈને ચૂંટણી કમિશનરની નિમણૂક કરતી સમિતિમાંથી કેમ દૂર કરવામાં આવ્યા. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે આરએસએસનો પ્રોજેક્ટ દેશની સંસ્થાઓ પર કબજો કરવાનો હતો અને મેં સમજાવ્યું કે શૈક્ષણિક સંસ્થાઓને કેવી રીતે નિયંત્રિત કરવામાં આવી રહી છે. એક પછી એક



કુલપતિ, પછી ત્રીજા કુલપતિની નિમણૂક યોગ્યતા, ક્ષમતા અથવા વૈજ્ઞાનિક સ્વભાવને બદલે ચોક્કસ સંસ્થા સાથેના જોડાણના આધારે કરવામાં આવી રહી છે. બીજું ટેકઓવર ગુપ્તચર એજન્સીઓનું છે, જેના દ્વારા સીબીઆઈ, ઈડી અને આવકવેરા વિભાગ જેવી એજન્સીઓ પર કબજો કરવામાં આવી રહ્યો છે.

રાહુલ ગાંધીએ માંગણીઓ કરી છે કે ચૂંટણીના એક મહિના પહેલા મશીન-રીડેબલ મતદાર યાદી પૂરી પાડવી જોઈએ, સીસીટીવી ફૂટેજનો નાશ કરવાનો નિયમ બદલવો જોઈએ. ચૂંટણી પછી ઈવીએમ સમીક્ષા માટે ઉપલબ્ધ કરાવવા જોઈએ.

વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ લોકસભામાં ભાષણ આપ્યું હતું. રાહુલ ગાંધીની ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે મતદાર યાદી અપડેટ દરમિયાન ઘણા રાજ્યોમાં કથિત ગેરરીતિઓ પર રાજકીય ચર્ચા તીવ્ર બની છે.

નાગરિકો અને સ્થાનિક અધિકારીઓની ચિંતાઓને ટાંકીને, વિપક્ષો એસઆઈઆર પ્રક્રિયાની વધુ પારદર્શિતા, જવાબદારી અને દેખરેખની માંગ કરી રહ્યા છે. રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ પર કબજો જમાવ્યો હોવાનો પણ આરોપ લગાવ્યો.

કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) પર આકરા પ્રહારો કર્યા. ગાંધીએ આરોપ લગાવ્યો કે મહાત્મા ગાંધીની હત્યા પછી આરએસએસએ ભારતના સંસ્થાકીય વાતાવરણમાં સંગઠનની ભૂમિકા વિશે વ્યાપક આરોપો લગાવ્યા હતા. ગાંધીએ દાવો કર્યો હતો કે ગાંધીની હત્યા પછી, આગળનું પગલું ભારતની સંસ્થાઓને સંપૂર્ણપણે કબજે કરવાનું હતું.









# ભારતે પાકિસ્તાન પર ટ્રમ્પની ટિપ્પણીઓને સમર્થન ન આપ્યું હોવાથી ૫૦% ટેરિફ લાદ્યો : રઘુરામ રાજન

નવીદિલ્હી,તા.૧૦

ભારતીય માલ પર અમેરિકા દ્વારા લાદવામાં આવેલા ભારે ટેરિફ પર આરબીઆઈના ભૂતપૂર્વ ગવર્નર રઘુરામ રાજનના નિવેદને એક નવી ચર્ચા જગાવી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં, રાજન કહેતા જોવા મળે છે કે ટ્રમ્પ વહીવટીતંત્રે રશિયા પાસેથી તેલ ખરીદીને કારણે નહીં, પરંતુ ભારતે પાકિસ્તાન પર ટ્રમ્પની ટિપ્પણીઓને સમર્થન ન આપ્યું હોવાથી ૫૦% ટેરિફ લાદ્યો હતો. રાજને સ્વિટ્ઝર્લેન્ડની ઝ્યુરિચ યુનિવર્સિટીમાં આયોજિત એક કાર્યક્રમમાં કહ્યું હતું કે ભારત ટ્રમ્પના દાવાને સમર્થન આપતું નથી કે તેમણે ઓપરેશન સિંદૂર પછી યુદ્ધવિરામ પર વાટાઘાટો માટે ભારત અને પાકિસ્તાનને રાજી કર્યા હતા. તેનાથી વિપરીત, પાકિસ્તાને આ દાવા સામે વાંધો ઉઠાવ્યો નથી. રાજનના મતે, ભારત ટ્રમ્પના નિવેદન સાથે સહમત ન હતું, તેથી ભારત પર ૫૦% ટેરિફ લાદવામાં આવ્યો, જ્યારે પાકિસ્તાન "સાથે રમ્યું" અને ફક્ત ૧૯% ટેરિફનો સામનો કર્યો. આ વીડિયો ૪ ડિસેમ્બરનો હોવાનું કહેવાય છે.




સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
ગુરુવાર, તા.૧૧-૧૨-૨૦૨૫

# સંવિધાન દિવસે અમરેલી કોર્ટમાં 'મનુસ્મૃતિ' પુસ્તક વિતરણના વિરોધમાં વકીલોની લીલીયા મામલતદારને રજૂઆત

લીલીયા, તા.૧૦

લીલીયા મોટા મામલતદાર કચેરી ખાતે એડવોકેટ અને સામાજિક કાર્યકર શ્રવણ (સંજય) એલ. બગડા દ્વારા મામલતદારને આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું. આ આવેદન પત્રમાં અમરેલી ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં સંવિધાન દિવસના કાર્યક્રમ દરમિયાન થયેલા વિવાદ અંગે રજૂઆત કરવામાં આવી છે. આવેદન પત્રમાં જણાવ્યા અનુસાર, ગત તારીખ ૨૬/૧૧/૨૦૨૫ ના રોજ 'સંવિધાન દિવસ' નિમિત્તે અમરેલી ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં યોજાયેલા કાર્યક્રમમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરનું અપમાન કરવાના ઈરાદે 'મનુસ્મૃતિ' પુસ્તકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના આયોજક અને પુસ્તક વિતરણ કરનાર તરીકે સરકારી વકીલ મમતાબેન ત્રિવેદી સામે આક્ષેપ કરવામાં આવ્યો છે.



આ ગંભીર બાબતે અગાઉ અમરેલી કલેક્ટર અને ગુજરાતના મુખ્યમંત્રીને પણ લેખિત રજૂઆતો કરવામાં આવી છે. ત્યારે હવે લીલીયામાં વકીલ શ્રવણ (સંજય) બગડા અને અન્ય વકીલો દ્વારા મામલતદારને આવેદન પાઠવીને સરકારી વકીલ વિરુદ્ધ તાત્કાલિક કાર્યવાહી કરવાની ઉગ્ર માંગ કરવામાં આવી છે.

# પીપાવાવ પોર્ટ દ્વારા શિયાળબેટ પાસે ચાલતું ડ્રેજિંગ કામ તાત્કાલિક અટકાવવા ધારાસભ્ય હીરાભાઈ સોલંકીની કલેક્ટરને રજૂઆત

જાફરાબાદ, તા.૧૦

રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ અમરેલી જિલ્લા કલેક્ટરને પત્ર લખીને પીપાવાવ પોર્ટ દ્વારા શિયાળબેટ પાસે કરવામાં આવી રહેલી ડ્રેજિંગની કામગીરી તાત્કાલિક અસરથી રોકાવવા માંગ કરી છે. ધારાસભ્યએ પત્રમાં જણાવ્યું છે કે, જાફરાબાદ તાલુકાના શિયાળબેટ વિસ્તારમાં



પીપાવાવ પોર્ટ દ્વારા ડ્રેજિંગ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જેના કારણે માછીમારી કરીને ગુજરાન ચલાવતા અતિ સામાન્ય અને નાના વર્ગના લોકોની રોજીરોટી છીનવાઈ રહી છે. વધુમાં રજૂઆત કરવામાં આવી છે કે, પોર્ટ પ્રશાસન દ્વારા આ કામગીરી અંગે સ્થાનિક પંચાયત કે આગેવાનોને કોઈ પણ પ્રકારની જાણ કરવામાં આવી નથી કે માછીમારોની મુશ્કેલી દૂર કરવા કોઈ કાર્યવાહી કરાઈ નથી. આથી, જ્યાં સુધી શિયાળબેટના સ્થાનિક લોકોની યોગ્ય સુનાવણી કરવામાં ન આવે અને તમામ ધોરણસરની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી ડ્રેજિંગની કામગીરી પર તાત્કાલિક રોક લગાવવા ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ જણાવ્યું હતું.

## ચલાલાના રામપરા ગામે ઉમરા ઘુનામાં ડૂબી જવાથી યુવકનું મોત

ચલાલા, તા.૧૦

ચલાલાના રામપરા ગામે ઉમરા ઘુનામાં ડૂબી જવાથી યુવકનું મોત થયું હતું. રામપરા ગામે રહેતા મેહુલભાઈ દિનેશભાઈ દેત્રોજા (ઉ.વ.૨૩) પોતાના ગામે આથમણી સીમમાં આવેલ ઉમરા ઘુના કાંઠે કપડા ધોવા જતા પગ લપસતા ઉંડા ઘુનામાં પડી જવાથી ડૂબી જતા મરણ પામ્યા હતા.

## જિલ્લામાં કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા ૧૦ ઝડપાયા

અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લામાંથી પોલીસે પીધેલી હાલતમાં ફરતા ૧૦ ઈસમોને ઝડપી લીધા હતા. લુણકી, બાબરા, બાબાપુર, નાનુડી, ખાંભા, હાવતડ, રાભડા, રાજુલા, લાઠી, મોટી ધારગણી ગામેથી ઈસમો પકડાયા હતા. રામપરા-૨ ગામેથી ૫ લીટર દેશી દારૂ પકડાયો હતો.

# સા.કુંડલા ટાઉન પોલીસ સ્ટેશન દ્વારા ગુરુકુળમાં બોર્ડના વિદ્યાર્થીઓ માટે સેમિનાર યોજાયો

સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલા શહેરમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે અભ્યાસ કરતા ધોરણ ૧૦-૧૨ના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન અને પ્રેરણાદાયક કાર્યક્રમ ટાઉન પોલીસ સ્ટેશન દ્વારા યોજાયો હતો. ગુરુકુળના ભવ્ય હોલમાં ૪૦૦ વિદ્યાર્થીઓને સાયબર સેલના માસ્ટર આઈ.ટી. મહેતા દ્વારા સાંપ્રત સમયમાં થતા ફ્રોડ વિશે જાણકારી અને સાવધાની વિશે સમજાવવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમ પોલીસ ઈન્સ્પેક્ટર કુગસીયા દ્વારા યોજાયો હતો. તેમણે ગુરુકુળના સંત પુરાણી વિષ્ણુસ્વામી, સંસ્થાના વડા ભગવતપ્રસાદ દાસજી



સ્વામી, સંસ્થાના પ્રમુખ હરિપ્રસાદ દાસજી સ્વામી, સંસ્થાના કોઠારી અક્ષરમુક્તદાસજી સ્વામી અને શુકદેવપ્રસાદ દાસજી સ્વામીના આશીર્વાદ લીધા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન સંસ્થાના ડાયરેક્ટર વ્યાસભાઈ, સાયન્સ વિભાગના આચાર્ય હરેશભાઈ મહેતા, સામાન્ય વિભાગના આચાર્ય કમલેશભાઈ ચુડાસમા સાથે સત્યમભાઈ, ઉમંગભાઈ, પિયુષભાઈ વિગેરે સાથે રહ્યા હતા.

# ધારીના રામપરા ગામે મહિલાનો પગ લપસી જતા ડૂબી જવાથી મોત

અમરેલી,તા.૧૦

ધારી તાલુકાના રામપરા ગામે રહેતા જયાબેન દિનેશભાઈ સોલંકી (ઉ.વ.૪૫) ગામમાં આવેલ ઉમરા ધુનામાં કપડા ધોવા જતા અચાનક મહિલાનો પગ લપસી જતા ધુનામાં પડી ગયા હતા. આ બાબતે તાત્કાલિક ગામ લોકો દ્વારા ચલાલા પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસને જાણ થતા મહિલાના મૃતદેહને ચલાલાની



સરકારી હોસ્પિટલ ખાતે પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. ડૂબી જવાથી મહિલાનું મોત થતા સમગ્ર ગામમાં શોકનો માહોલ છવાયો હતો.

# દામનગરની દીકરીઓનું કાગવડ ખોડલધામ ખાતે ભવ્ય સન્માન કરાયું

દામનગર,તા.૧૦

દામનગર સ્થિત પરમાર્થ ટ્રસ્ટ સુરત સંચાલિત નિઃશુલ્ક કન્યા છાત્રાલયમાં અભ્યાસ કરતી દીકરીઓનું તાજેતરમાં કાગવડ ખોડલધામ ખાતે આયોજિત સત્કાર સમારોહમાં ભવ્ય સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર ગુજરાતમાંથી જરૂરિયાતમંદ લેઉવા પટેલ સમાજની દીકરીઓ માટે દામનગર જેવા નાના શહેરમાં ઉત્તમ વ્યવસ્થા પૂરી પાડીને કન્યા કેળવણીનું પ્લેટફોર્મ પૂરું પાડવા બદલ પરમાર્થ ટ્રસ્ટ




તસવીર : વિનોદ જયપાલ

સુરતની સંસ્થાની દુરંદેશીને અગ્રણીઓએ બિરદાવી હતી. આ કાર્યને ખરા અર્થમાં મહિલા સશક્તિકરણનું ઉદાહરણ ગણવામાં આવ્યું હતું. ખોડલધામ કાગવડ દ્વારા તમામ 'શક્તિ સ્વરૂપા' દીકરીઓનું સામૂહિક સન્માન કરી તેમના ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી હતી.

# ચલાલાના વાવડી ગામે પીજીવીસીએલના નાયબ ઈજનેરને ઝાપટ મારી ગાળો આપી

ચલાલા,તા.૧૦

ચલાલાના વાવડી ગામે પીજીવીસીએલના નાયબ ઈજનેરને ઝાપટ મારી ગાળો આપી હતી. ગામમાં વીજ ચેકિંગ કરવાની મનાઈ હોવાનું કહી તમાશો કર્યો હતો. આ અંગે મુસ્તફાભાઈ આદમભાઈ વાટીયા (ઉ.વ.૪૧)એ રણુભાઈ મેરામભાઈ વાળા તથા બે અન્ય વ્યક્તિ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ PGVCL માં નાયબ ઈજનેર તરીકે નોકરી કરે છે અને તે વીજ ચેકિંગની કામગીરીમાં નીકળ્યા હતા. તે દરમિયાન વાવડી ગામમાં રણુભાઈ મેરામભાઈ વાળાએ તે ગામનો માજી સરપંચ જણાવી ગામમાં વીજ ચેકિંગ કરવાની મનાઇ હોવાનું કહી તેમની સાથે બોલાચાલી કરી ગાળો આપી હતી. તેમજ ધક્કો મારી જમણા ગાલ ઉપર જાપટ મારી ત્રણે આરોપીઓએ કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી હતી અને શરીરે સામાન્ય ઈજા પહોંચાડી હતી.

# બગસરા બાયપાસ પરથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીની ૬ ફીરકીઓ સાથે એક શખ્સ ઝડપાયો

બગસરા, તા.૧૦

અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામાનો ભંગ કરીને પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનું વેચાણ કરવા બદલ બગસરા બાયપાસ વિસ્તારમાંથી એક આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, બગસરા બાયપાસ પર સાહીલ નુરમહમદભાઈ સેરસીયા (ઉ.વ.૨૨) નામનો યુવક અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમરેલીના જાહેરનામા નં. નાચિ/પલસ/વશી/૧૦૩૫/૨૫, તા. ૨૪/૧૧/૨૫ નો ભંગ કરી રહ્યો હતો. પોલીસે આરોપી પાસેથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીની **'MONO SKY'** લખેલી ફીરકીઓ નંગ – ૩ તથા **'MONO FILGOLD'** લખેલી ફીરકીઓ નંગ – ૩ મળી ચાઈનીઝ દોરીની કુલ ૬ (છ) ફીરકીઓ જપ્ત કરી હતી. પોલીસે જાહેરનામાના ભંગ બદલ આરોપી વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ પ્રકારની પ્રતિબંધિત દોરીઓના ઉપયોગથી થતી ગંભીર ઈજાઓ અને અકસ્માતોને રોકવા માટે તંત્ર દ્વારા કડક પગલાં લેવામાં આવી રહ્યા છે. બગસરા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.જે. બાલાસરા વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયા મોટાની અમૃતબા વિદ્યાલય ખાતે ત્રિદિવસીય જિલ્લા કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનનો પ્રારંભ

લીલીયા મોટા,તા.૧૦

લીલીયા મોટા સ્થિત લીલીયા મહાલ કેળવણી મંડળ સંચાલિત અમૃતબા વિદ્યાલય ખાતે જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત, જિલ્લા શિક્ષણ સમિતિ, જિલ્લા શિક્ષણ કચેરી અને તાલીમ ભવન અમરેલીના સંયુક્ત ઉપક્રમે ત્રિદિવસીય જિલ્લા



કક્ષાના 'બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ૨૦૨૫-૨૬'નો શુભારંભ કરવામાં આવ્યો છે. જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ પ્રદર્શનમાં જિલ્લાની ૧૦૫ શાળાઓના બાળ વૈજ્ઞાનિકોએ ઉત્સાહભેર ભાગ લીધો છે. ઉદ્‌ઘાટન સમારોહ અને મહેમાનોના સન્માન કાર્યક્રમના પ્રારંભે જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના હસ્તે રીબીન કાપીને પ્રદર્શન ખુલ્લું મુકવામાં આવ્યું હતું.

# વડીયાની મોંઘીબા પ્રાથમિક શાળાની 'પ્રદૂષણ નિયંત્રણ' કૃતિની જિલ્લા કક્ષાએ વિશેષ નોંધ લેવાઈ

વડીયા,તા.૧૦

સમગ્ર દેશમાં બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવા અને વર્તમાન સમસ્યાઓના નિવારણ માટે કૌશલ્ય પ્રાપ્ત થાય તેવા આશયથી યોજાતા વિજ્ઞાન મેળાઓમાં વડીયાની શાળાએ ગૌરવવંતુ પ્રદર્શન કર્યું છે. અમરેલી જિલ્લાના વડીયા સ્થિત મોંઘીબા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની



કૃતિની જિલ્લા કક્ષા સુધી નોંધ લેવામાં આવી છે.

શાળાની વિદ્યાર્થિનીઓ પીઠવા રેન્સી ચેતનભાઈ અને પીઠવા પ્રિયાંશી ચેતનભાઈએ પર્યાવરણ બચાવવાના સંદેશ સાથે "**Pollution Control Model**" (પ્રદૂષણ નિયંત્રણ મોડેલ) તૈયાર કર્યું હતું. આ કૃતિ તાલુકા કક્ષાના વિજ્ઞાન મેળામાં પ્રથમ ક્રમે રહી હતી. ત્યારબાદ લીલીયા ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાના વિજ્ઞાન મેળામાં પણ આ કૃતિ રજૂ કરવામાં આવી હતી, જ્યાં ઉપસ્થિત તજજ્ઞોએ આ પ્રોજેક્ટની વિશેષ નોંધ લીધી હતી. આ સફળતા બદલ બંને બાળ વૈજ્ઞાનિકો, તેમને માર્ગદર્શન આપનાર શિક્ષક વિશાલકુમાર એસ. જોષી અને આચાર્ય ધર્મેન્દ્રભાઈ ચુડાસમાને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. ભવિષ્યમાં આ વિદ્યાર્થિનીઓ વધુ ઊંચાઈ હાંસલ કરે તેવી શુભકામના પણ વ્યક્ત કરવામાં આવી હતી.









વહુ માટે બગસરા તાલુકાના ડેરી પીપરીયા ગામે યોગ્ય પાત્ર શોધી

# અમરેલીના વડૂડી ગામે દલિત અગ્રણીએ પુત્રવધૂને દીકરી બનાવી પુનઃલગ્ન કરાવ્યા

**દલિત પરિવારે વહુને દીકરી માની કન્યાદાન કર્યું, અનુ.જાતિ માટે રાજ્યમાં પહેલો દાખલો બેસાડ્યો**


તસવીર : મયુર પંડ્યા

અમરેલી,તા.૧૦

અમરેલીના પૂર્વ ધારાસભ્ય સ્વ.મગનભાઈ રાણવાના નાના પુત્ર વિજયનું હૃદયરોગના હુમલાથી નિધન થતા તેમના પત્ની ૨૭ વર્ષની વયે વિધવા થતા રાણવા પરિવારે વહુને દીકરીની જેમ સાચવી હતી. સેજલબેનની ઉંમર માત્ર ૨૭ વર્ષની હોય ત્યારે વિધવા બનતા સ્વ.મગનભાઈ રાણવાના પુત્રો શાંતિલાલ અને જીતુભાઈએ વહુ સેજલ માટે યોગ્ય પાત્ર શોધવાનું શરૂ કર્યું હતું. જેમાં સેજલબેન માટે બગસરા તાલુકાના ડેરી પીપરીયા ગામે નોકરી અને ખેતીવાડી ધરાવતા વિપુલ ભનુભાઈ ચાવડા સાથે પુનઃલગ્ન કરાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. રાણવા પરિવારે વહુને દીકરી માની અનુ.જાતિ સમાજમાં ગુજરાતમાં પ્રથમ દાખલો બેસાડી ગત તા.૭ના રોજ સેજલના લગ્ન વિપુલ સાથે કરવવામાં આવ્યા હતા. જેમાં શાંતિભાઈ રાણવા અને તેમના પત્ની તથા જીતુભાઈ રાણવા અને તેમના પત્નીએ દીકરી માની કન્યાદાન કર્યું હતું. લગ્ન બાદ સેજલબેનના ૯ વર્ષના પુત્રને પણ સાથે મોકલવવામાં આવ્યો હતો.

ચાવડા પરિવારે હર્ષોલ્લાસથી સેજલ અને તેના પુત્રને સહર્ષ સ્વીકારી લીધા હતા. આ લગ્નપ્રસંગમાં રાજકિય અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. વિપુલ ચાવડાએ લગ્નમાં વ્યસનમુકત થવાની પ્રતિજ્ઞા લીધી હતી. આમ, રાણવા પરિવારે વહુને દીકરી માની પુનઃલગ્ન કરાવી સમાજને નવો રાહ ચિંધ્યો છે.

# અમરેલીમાં મોટું સાયબર ફ્રોડઃ 'શ્રી સોમનાથ ટ્રેડિંગ કંપની'ના બેંક ખાતામાં રૂ. ૧ કરોડથી વધુની છેતરપિંડી!

**આરોપીઓએ સાયબર ફ્રોડ દ્વારા મેળવેલા નાણાં પોતે ઓપરેટ કરતા બેંક ખાતામાં જમા કરાવીને ઉપાડી લીધા**

અમરેલી, તા. ૧૦

અમરેલીમાં એક ગંભીર સાયબર ફ્રોડનો કેસ સામે આવ્યો છે, જેમાં આરોપીઓએ કથિત રીતે 'શ્રી સોમનાથ ટ્રેડિંગ કંપની'ના બેંક ખાતાનો ઉપયોગ કરીને કરોડો રૂપિયાની છેતરપિંડી આચરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આરોપીઓએ અમરેલીના માર્કેટીંગ યાર્ડ ખાતે આવેલી SHREE SOMNATH TRADING CO.ના બેંક એકાઉન્ટ નંબર ૪૩૫૦૩૮૬૭૧૫ નો ઉપયોગ કર્યો હતો. તારીખ ૨૨/૦૧/૨૦૨૫ થી ૧૧/૦૪/૨૦૨૫ ની વચ્ચે, આરોપીઓએ વિવિધ વ્યવહારો દ્વારા કુલ રૂ. ૧,૦૬,૦૭,૭૭૬/- (એક કરોડ છ લાખ સાત હજાર સાતસો છોત્તેર રૂપિયા) ની રકમ RTGS, NEF અને IMPS જેવા માધ્યમોથી સાયબર ફ્રોડ દ્વારા જમા કરાવી હતી. આ આરોપીઓએ સાયબર ફ્રોડ દ્વારા મેળવેલા આ નાણાં પોતે ઓપરેટ કરતા બેંક ખાતામાં જમા કરાવીને તે ખાતામાંથી ઉપાડી લીધા હતા.

# બાબરાના ધ્રુવિલ રાઠોડની ઈન્ડિયન એરફોર્સમાં પસંદગી થતા શહેરમાં હર્ષની લાગણી

બાબરા, તા.૧૦

બાબરા શહેરના જાણીતા વેપારી આગેવાન સ્વ. વિપુલભાઈ રાઠોડના પુત્ર ધ્રુવિલ વિપુલભાઈ રાઠોડ તાજેતરમાં મુંબઈ ખાતે યોજાયેલી પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરીને ઈન્ડિયન એરફોર્સમાં પસંદગી પામ્યા છે. ટૂંક સમયમાં ધ્રુવિલ ઈન્ડિયન એરફોર્સમાં જોડાઈને દેશસેવામાં યોગદાન આપશે. તેમની આ સિદ્ધિ બદલ સમાજના આગેવાનો, વેપારી વર્ગ તથા વિવિધ રાજકીય આગેવાનો દ્વારા અભિનંદન વરસાવાયા હતા. અભિનંદન પાઠવનાર આગેવાનોમાં રાઠોડ પરિવારના જિલ્લા પંચાયત સભ્ય નીતિનભાઈ રાઠોડ, બાબરા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મુન્નાભાઈ મલકાણ, હકાભાઈ માજન, કોળી સમાજના પ્રમુખ ગોવિંદભાઈ બાવળીયા, સરપંચ વિપુલભાઈ કાચેલા, અશોકભાઈ બારૈયા, વલ્લભભાઈ બારૈયા, ઉકાભાઈ ગોલાણી સહિત અનેક આગેવાનોનો સમાવેશ થાય છે. ધ્રુવિલની પસંદગીથી બાબરા શહેરમાં ગૌરવ અને આનંદનો માહોલ છવાયો છે.

# ધારીમાં ઢોલરીયા પરિવારના બહેને મૃત્યુ બાદ સ્વૈચ્છિક દેહદાનનો સંકલ્પ લીધો

ધારી,તા.૧૦

ધારીમાં બજરંગ ગ્રુપ દ્વારા છેલ્લા વીસ વર્ષથી સેવાકીય કાર્યો નિયમિત થઈ રહેલ છે. આજે બજરંગ ગ્રુપ સાથે જોડાયેલા એડવોકેટ દુર્ગેશભાઈ ઢોલરીયા અને તેમના પરિવાર દ્વારા એમાં પણ ખાસ કરીને ભાનુબેન ઢોલરીયા દ્વારા રાજીખુશીથી સ્વૈચ્છિક દેહદાનનો સંકલ્પ લીધો હતો.


તસવીર : સંજય વાળા

જીવનભર પોતાના સંતાનોને લોકોની સેવા કરવાના પાઠ ભણાવનાર ભાનુબેને પોતાના અવસાન બાદ દેહનું પણ દાન કરવાની તૈયારી બતાવી હતી. આ માટે એકાદ મહિના પહેલા તેમણે જાહેરાત કરી હતી. 'જેનો જન્મ છે એનું અવસાન પણ છે જ' આ હકીકતને સ્વીકારી એક દિવસે જ્યારે આ દેહ અને જીવનો સથવારો તૂટી જાય તે બાદ પોતાના પાર્થિવ દેહનું દાન આજે કરેલ છે. આ તકે તેમના દીકરા, દીકરી, જમાઈ અને પૌત્રની સાથોસાથ ગ્રુપનાં પ્રમુખ પરેશભાઈ પટ્ટણી, સિનિયર પત્રકાર જિગ્નેશગીરી ગોસાઈ, શિક્ષક ગમારાભાઈ, વિનુભાઈ બાણગંગાવાળા, ભરતભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. આ સંકલ્પને સહુએ બિરદાવ્યો હતો.

# 'તેં કાંટાની વાડ અમારી હદમાં કેમ કરી છે' કહેતા મહિલાએ મહિલાનો કાન ખેંચ્યો

રાજુલા, તા.૧૦

રાજુલાના કોટડી ગામે એક મહિલાને 'તેં કાંટાની વાડ અમારી હદમાં કેમ કરી છે' કહેતા કાન ખેંચવામાં આવ્યો હતો. ઉપરાંત ઢીકાપાટુનો મુંઢમાર પણ માર્યો હતો. બનાવ અંગે વિલાસબેન જાદવભાઈ મકવાણા (ઉ.વ.૩૯)એ લાભુબેન પાતાભાઈ, ભાવેશભાઈ પાતાભાઈ, દેવુબેન જીણાભાઈ, સમીરબાઈ જીણાભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. જે અનુસાર, તેમના ઘરની નજીકની હદમાં આરોપીઓએ કાંટાની વાડ કરી હતી. આ વાડ "અમારી હદમાં કેમ કરી છે" તેમ તેમણે આરોપીને પૂછતાં તે ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો આપવાનું શરૂ કર્યું હતું. જ્યારે તેમણે ગાળો આપવાની ના પાડી, ત્યારે તમામ આરોપીઓ તેમના ફળિયામાં ઘૂસી ગયા હતા. તેણે ફરિયાદીનો જમણો કાન ખેંચીને કાનમાં પહેરેલી બુટી તોડી નાખી હતી, જેના કારણે કાનમાં ગંભીર ઈજા થઈ હતી અને ત્રણ ટાંકા આવ્યા હતા. તેણે લાકડી વડે માર મારીને ફરિયાદીના કપાળના ભાગે પણ ઈજા પહોંચાડી હતી.

# બાબાપુર ગામે પીટીસીનો અભ્યાસ કરતી બહેનોને જાતીય સતામણી અંગે માર્ગદર્શન અપાયુ

અમરેલી,તા.૧૦

જિલ્લા મહિલા અને બાળ અધિકારીના માર્ગદર્શન હેઠળ અમરેલીના બાબાપુર મુકામે સર્વોદય આશ્રમ સંચાલિત મહિલા અધ્યાપનમાં પી.ટી.સી.નો અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ સાથે કામકાજના સ્થળે મહિલાઓની થતી જાતીય સતામણી અધિનિયમ ૨૦૧૩ હેઠળ કાયદાકીય માહિતી માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં મહિલાઓને કાયદાકીય જોગવાઈઓ સહિતની બાબતોની માહિતી પુરી પાડવામાં આવી હતી. ઉપરાંત સખી વન સ્ટોપ સેન્ટરની પ્રવૃત્તિઓ, નારી અદાલત, મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ વિષયક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારી શૈલેષભાઈ કણઝરીયા, એડવોકેટ જાગૃતિબેન જોષી અને શોભિનીબેન વોરા, પ્રિન્સીપાલ નસીમબેન સવંટ, નારી અદાલત સ્ટાફ સહિત બહોળી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો હતો.



# સાવરકુંડલાની જે.વી. મોદી હાઈસ્કૂલમાં તત્વજ્ઞાન વિષયના શિક્ષકની ઘટ

સાવરકુંડલા,તા.૧૦

સાવરકુંડલા તાલુકાની જે.વી. મોદી હાઈસ્કૂલ ખાતે ધોરણ ૧૧ અને ૧૨ (બોર્ડ) ના વિદ્યાર્થીઓ માટે લાંબા સમયથી તત્વજ્ઞાન વિષયના શિક્ષકની અછત વર્તાઈ રહી છે. આ વિષયનો અભ્યાસક્રમ અત્યાર સુધી યોગ્ય રીતે ચલાવવામાં આવ્યો નથી. બીજી તરફ બોર્ડની પરીક્ષાઓ અતિ નજીક હોવાથી વિદ્યાર્થીઓના અભ્યાસ અને ભવિષ્ય પર ગંભીર અસર પડી રહી છે. આ ગંભીર સમસ્યા અંગે NSUI અમરેલી જિલ્લા પ્રમુખ સાહિલ શેખે શાળાના પ્રિન્સિપાલની રૂબરૂ મુલાકાત લઈ વિસ્તૃત રજૂઆત કરી હતી. સાથે જ તેમણે શાળાના ટ્રસ્ટી તથા અમરેલી જિલ્લા શિક્ષણાધિકારીને ટેલિફોનિક માધ્યમથી માહિતગાર કરી તાત્કાલિક ધોરણે તત્વજ્ઞાન વિષયના શિક્ષકની ફાળવણી કરવાની માંગણી કરી હતી.




સંકુલ ICSE - GSEB
ઈંગ્લીશ મિડીયમ
KG થી ૧૨ કોમર્સ સાયંસ
પ્રવેશ ચાલુ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી
ફોન ✓ (૦૨૭૯૨) ૨૨૨૩૨૧ થી ૨૬ -Ad155



GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.





શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત / પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363





પાંજરાપોળ ગૌશાળા – અમરેલી
ગૌશાળામાં રહી શકે તેવા
મેતાજીની જરૂર છે.
■ અનુભવીની પ્રથમ પસંદગી ■ રહેવાની સગવડતા આપવામાં આવશે. ■ ગૌશાળામાં રહેવું જરૂરી.
અમરેલી ગૌશાળામાં ઘાસ ચારાનું કટીંગ કરી શકે તેવી
જોડી (બે વ્યક્તિ) ની જરૂર છે.
રહેવાની સગવડતા આપવામાં આવશે.
રસ ધરાવનાર વ્યક્તિએ ૧૫ દિવસમાં અરજી કરવી.
ઓફીસ : પાંજરાપોળ ગૌ શાળા - 'જીવદયા ભવન', પાણી દરવાજા રોડ, જુની બજાર, અમરેલી. મો. ૭૯૮૪૫ ૩૪૫૨૨





BLUE BUDDHA
END OF SEASON SALE
BUY 1 @ 30% OFF
BUY 3 @ 40% OFF
BUY 4 @ 50% OFF
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■ મનિષ વાઘેલા ■ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.


## CHANGE OF NAME

I UNDERSIGNED LALJIBHAI JIVANBHAI THUMMAR HAVE CHANGED MY NAME FROM LALJIBHAI DEVCHANDBHAI THUMMAR_ TO LALJIBHAI JIVANBHAI THUMMAR _NOW ONWARDS I WILL BE KNOWN AS TO LALJIBHAI JIVANBHAI THUMMAR
LALJIBHAI JIVANBHAI THUMMAR
At-gadhkada
Ta- Savarkundla Di.Amreli 364522

## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

### રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૩૩/૨૦૨૫ — તા.૦૨/૧૨/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. મધુભાઈ ગોવિંદભાઈ સોરઠીયા
રહે.થોરડી તા. સાવરકુંડલા જી. અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી થોરડી તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(3) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી મધુભાઈ ગોવિંદભાઈ સોરઠીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૫ ના રોજ મુ.થોરડી, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૩૦/૧૨/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

### રૂબરૂ સુનાવણી નોટીસ

નં.મરણ નોંધણી/અરજી નં.૧૦૨/૨૦૨૫

અરજદારશ્રીઃ- બોઘરા અરૂણભાઈ મધુભાઈ,
રે.મહુવા રોડ, પંચવટી સોસાયટી તા. સાવરકુંડલા જી. અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તકમશ્રી, ફીફાદ તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(3) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના માતા બોઘરા નબુબેન મધુભાઈનું મરણ તા.૨૦/૧૦/૧૯૯૮ ના રોજ મુ.ફીફાદ તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૮/૦૧/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૦૮/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

## મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બગસરા

જન્મ-મરણ રજી નં.૫૮/૨૫ — તા.૧૦/૧૧/૨૦૨૫

અરજદારઃ- (૧) શ્રી કુંભાણી છગનભાઈ મનજીભાઈ
રહે. હામાપુર, તા.બગસરા, જિ.અમરેલી
(૨) વિવાદીના વકીલ શ્રી એફ. કે. ઠેબા રહે. બગસરા
મો.૯૯૨૫૫ ૩૭૬૭૧

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- (૧) જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી હામાપુર,
તા.બગસરા, જિ.અમરેલી

-// નોટીસ //-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના હામાપુર ગમાના રહીશ શ્રી કુંભાણી છગનભાઈ મનજીભાઈ તેમના માતૃશ્રી કુંભાણી ઉજીબેન મનજીભાઈનું મરણ તા.૧૮/૦૫/૨૦૦૭ના રોજ બગસરા તાલુકાના હામાપુર ગામે થયેલ હોવાની નોંધ રજીસ્ટરે થવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આથી આ કામના અરજદારશ્રીના માતૃશ્રીની મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવાના કામે ઉક્ત અરજદારશ્રી તથા સામાવાળા અત્રેની કોર્ટમાં મુદત તા.૧૯/૧૧/૨૦૨૫ ના રોજ ૧૨:૦૦ કલાકે બિનચુક હાજર રહેવા જણાવવામાં આવે છે.

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
બગસરા

# લાઠીના ઈંગોરાળા-હરીપર રોડને રિસર્ફેસીંગ કરવા જનક તળાવીયાના પ્રયાસોથી રૂ. ૩ કરોડ મંજૂર

લાઠી, તા.૧૦

લાઠી-બાબરા પંથકના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના સઘન પ્રયાસોના ફળસ્વરૂપે લાઠી તાલુકાના ઈંગોરાળા અને લીલીયા તાલુકાના હરીપર ગામને જોડતા અગત્યના માર્ગને રિસર્ફેસીંગ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૩ કરોડનો માતબર ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. આ મંજૂરીથી લાંબા સમયથી બિસ્માર હાલતમાં રહેલા આ માર્ગ પરના પ્રવાસીઓ અને સ્થાનિકોને મોટી રાહત મળશે. આ સમસ્યા ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના ધ્યાન પર આવતા, તેમણે તાત્કાલિક ધોરણે આ માર્ગને રિસર્ફેસીંગ કરવા માટે રાજ્ય સરકારમાં રજૂઆત કરી હતી. આથી માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ રોડના કામ માટે રૂ. ૩ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.



ધારાસભ્ય તળાવીયાએ આ અંગે જણાવ્યું હતું કે, "લાંબા સમયથી આ રોડની સ્થિતિ ચિંતાજનક હતી, જેના કારણે લોકોને હાલાકી ભોગવવી પડતી હતી. રાજ્ય સરકારે આ રજૂઆત ધ્યાને લઈ તાત્કાલિક આટલી મોટી રકમ મંજૂર કરી છે, તે બદલ હું મુખ્યમંત્રી અને માર્ગ-મકાન મંત્રીનો આભાર વ્યક્ત કરું છું. આ રોડનું કામ પૂર્ણ થવાથી ઈંગોરાળા, હરીપર અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકોને ઘણો ફાયદો થશે અને તેમનો સમય તથા શ્રમ બચશે.

# સા.કુંડલા સાયબર ફ્રોડનો પર્દાફાશ : 'મ્યુલ એકાઉન્ટ'માં આવેલા રૂ. ૧૦.૯૩ લાખ ઉપાડી સગેવગે કરાયા

સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલામાં સાયબર ફ્રોડના નાણાંને સગેવગે કરવાના એક મોટા ષડયંત્રનો પર્દાફાશ થયો છે. પોલીસે આ મામલે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આરોપીઓ જયંતીભાઈ મંગાભાઈ દાફડા (રહે.હાલ સાવરકુંડલા હાથસણી રોડ, નિર્મળનગર તા.સાવરકુંડલા રહે.મૂળ ગામ ઝર તા.ધારી) તથા શામજીભાઈ શેખા (રહે. ગોપાલગ્રામ) એ મળીને એક બેંક ખાતા (મ્યુલ એકાઉન્ટ નંબર ૪૪૪૦૬૬૯૬૯૮૫) નો ઉપયોગ કર્યો હતો. તારીખ ૦૩/૧૧/૨૦૨૫ થી ૦૪/૧૧/૨૦૨૫ દરમિયાન, આ ખાતામાં UPI અને RTGS માધ્યમથી સાયબર ફ્રોડ દ્વારા મેળવેલા કુલ રૂ.૧૦,૯૩,૦૦૦/- (દસ લાખ ત્રાણું હજાર રૂપિયા) જમા થયા હતા. આરોપીઓ આ રકમ સાયબર ફ્રોડની છે તે જાણતા હોવા છતાં, પોતાના આર્થિક ફાયદા માટે આ નાણાં ઉપાડ્યા હતા. મુખ્ય આરોપી (આરોપી નંબર-૧) એ બીજા આરોપી (આરોપી નંબર-૨) ના કહેવાથી ચેક અને એ.ટી.એમ.નો ઉપયોગ કરીને ઉપલેટા, જી. રાજકોટ ખાતેથી આ રકમ ઉપાડી લીધી હતી અને તેને સગેવગે કરી દીધી હતી.

પોલીસે આ સમગ્ર કેસમાં મ્યુલ એકાઉન્ટનો ઉપયોગ કરનારા અને છેતરપિંડીના નાણાંને ઉપાડી લેનારા બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન. એન. ખસતીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ગાડીઓની રેકી કરે છે તેવું સમજી અમરેલીમાં ગૌરક્ષક પર હુમલો


અમરેલી, તા.૧૦

અમરેલીમાં એક યુવક પર ગાડીઓની રેકી કરે છે તેવું સમજી જીવલેણ હુમલો કરાયો હતો. તેમજ ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. આ અંગે ધવલભાઈ ચીનુભાઈ મેસુરીયા (ઉ.વ.૨૧) એ શાબીરભાઈ હારુનભાઈ માંડલીયા, જાકીરભાઈ હુસેનભાઈ માંડિયા, શાહિદભાઈ સુલેમાન કાવીયા, આબીદ હુસેનભાઈ માંડલીયા, ઈમરાના ઈક્બાલ માંડલીયા, હનીફભાઈ અદમભાઈ શેખ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ પાંચેક વર્ષથી ગૌરક્ષક તરીકે સેવા કરતા હતા અને હમણાં ઢોરની ગાડીઓ ભરાતી હતી. તેથી આરોપીઓને લાગેલ કે તેઓ ગાડીઓની રેકી કરે છે તેવું સમજી તેમને મુંઢમાર માર્યો હતો. તેમજ અશ્લિલ ગાળો બોલી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# અમરેલીની વિદ્યાસભા સંચાલિત શાળા-કોલેજમાં સરદાર સાહેબની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે નાટ્ય શો યોજાયો

અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત (અમરેલી) સંચાલિત લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ–કોલેજ વિભાગ દ્વારા ચક્કરગઢ રોડ સ્થિત શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ) ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સરકાર દ્વારા પ્રાયોજિત અને સરદાર



વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિના ઉપલક્ષ્યમાં નાટ્ય અકાદમી દ્વારા અહીં એક ખાસ નાટ્ય શો પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે નાટ્યકલાકારોએ પોતાની કલાના માધ્યમથી લોહપુરુષ સરદાર સાહેબના જીવનના વિવિધ પ્રસંગોને આબેહૂબ રીતે રજૂ કર્યા હતા. નાટકમાં સરદારના બાળપણથી લઈને ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં ભજવેલી તેમની મહત્વપૂર્ણ અને ઐતિહાસિક ભૂમિકાના જીવંત દ્રશ્યો રજૂ કરવામાં આવ્યા હતા, જેણે ઉપસ્થિત સૌને પ્રભાવિત કર્યા હતા.

# અમરેલીમાં સરકારી કર્મચારી પર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી

અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લામાં ફરજ પર હાજર સરકારી કર્મચારી પર ગેરકાયદેસર મંડળી રચીને હુમલો અને પથ્થરમારાની ઘટના સામે આવી હતી. ફરિયાદ અનુસાર, આ કામના ફરિયાદી જ્યારે પોતાની કાયદેસરની સરકારી ફરજ બજાવી રહ્યા હતા, ત્યારે આરોપીઓએ એકસંપ કરીને ગેરકાયદેસર મંડળી બનાવી હતી. નગરપાલિકામાં ફરજ બજાવતા નાનજીભાઈ ઉર્ફે પોપટભાઈ ભીમજીભાઈ ચાવડા (ઉ.વ.૫૬) એ રાજુભાઈ સોલંકી, રાજુભાઈ સોલંકીના પત્ની જ્યોતિબેન, રાજુભાઈ ગફુરભાઈ વાઘેલા, ગફુરભાઈ ભીખાભાઈ વાઘેલા તથા કડવાભાઈ હમીરભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીઓએ ફરિયાદીની ફરજમાં રૂકાવટ ઊભી કરી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.બી. સૈયદ વધુ તપાસ કરી રહ્યા છે.

# આવતીકાલે બગસરા ખાતે રાજ્યમંત્રી કૌશિક વેકરીયાનો સન્માન સમારોહ

બગસરા,તા.૧૦

બગસરા નગરપાલિકા દ્વારા તા.૧૨/૧૨/૨૦૨૫ને શુક્રવારના રોજ સાંજે ૪:૩૦ કલાકે બગસરા પાલિકા દ્વારા થયેલા ૧૬ કરોડના વિકાસના કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત રાજયકક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકારીયા તેમજ ધારાસભ્ય જે.વી.કાકડીયા સહિત અમરેલી જિલ્લાના ધારાસભ્યોની ઉપસ્થિતમાં યોજાશે. આ કાર્યક્રમના ઉદ્દઘાટક અમરેલી સાંસદ ભરતભાઈ સુતરીયા અને લોકાર્પણકર્તા ધારાસભ્ય જે.વી. કાંકડીયા તેમજ કાર્યક્રમના અધ્યક્ષ અને અભિવાદન સ્વીકારનાર રાજયકક્ષા મંત્રી કૌશિકભાઈ વેકરીયાનો અભિવાદન સમારોહ યોજાશે. રાજયમંત્રીનો અમરેલી રોડ આવેલ રમત ગમત સંકુલ થી રોડ શો યોજાશે જેમાં મંત્રી



કુંકાવાવ નાકા, આપા ગીગા ગાદી મંદિર, વિજય ચોક, ગોંડલીયા ચોક, હોસ્પિટલ રોડ, મામલતદાર ઓફિસ, પોસ્ટ ઓફિસ, નગરપાલિકા સુધી જનતાનું અભિવાદન સ્વીકારી સભા સ્થળે પહોંચશે જ્યાંથી બગસરા નગરપાલિકાના ૧૬.૮૮ કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ કરશે તેમજ વિવિધ સીસી રોડ અને વોલ દીવાલના રૂ. ૭ કરોડના કામોનું ખાતમુહૂર્ત રાજયમંત્રીના વરદ હસ્તે કરવામાં આવશે. આ તકે જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, બગસરા પાલિકાના પૂર્વ પ્રમુખ રશ્વિનભાઈ ડોડીયા, એ.વી. રિબડીયા, સૌરાષ્ટ્ર મંડળીના ચેરમેન અનિલભાઈ વેકરીયા, બગસરા શહેર ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ સાદરાણી, તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપ ભાખર તેમજ અનેક સામાજિક સંસ્થાઓ ઉપસ્થિત રહેશે તેમ બગસરા પાલિકા પ્રમુખ જ્યોત્સનાબેન રિબડીયાએ જણાવેલ છે.

**રાજયમંત્રી કૌશિક વેકરીયાનું અદકેરૂ સ્વાગત કરવા જોરદાર તૈયારીઓ શરૂ**

# જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર હેઠળના સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ તથા ડી.એલ.એસ.એસ.માં હાઈટ હન્ટ દ્વારા પ્રવેશ અપાશે

અમરેલી,તા.૧૦

અમરેલી જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ યોજના અંતર્ગત હાઈટ આધારે અંડર-૧૫ વયજૂથના ખેલાડી એટલે કે તા. ૦૧.૦૧.૨૦૧૧ પછી જન્મેલા હોય તેવા ભાઈઓ અને બહેનો માટે પસંદગી પ્રક્રિયાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રક્રિયામાં તા.૦૧.૦૧.૨૦૧૧ પછી જન્મેલા બહેનો જેમની ઉંચાઈ ૧૬૩ સે.મી. કે તેથી વધુ હોય તે પ્રક્રિયામાં ભાગ લઈ શકે છે. તા. ૦૧.૦૧.૨૦૧૧ પછી જન્મેલા ભાઈઓ કે જેમની ઉંચાઈ ૧૭૩ સે.મી. કે તેથી વધુ હોય તે પ્રક્રિયામાં ભાગ લઈ શકે છે.

આ જાહેરાત અંતર્ગત રમતગમતમાં રસ ધરાવતા ખેલાડીઓએ આધારકાર્ડના પુરાવા સાથે મૂળ ગુજરાતના નિવાસી ખેલાડીઓએ તા. ૧૮.૧૨.૨૦૨૫ અને તા. ૧૯.૧૨.૨૦૨૫ના રોજ સવારે ૧૦.૦૦ વાગ્યાથી ૦૧.૦૦ વાગ્યા સુધી ઉપસ્થિત રહેવાનું રહેશે. આ કસોટીનું સ્થળ ડી.એલ.એસ.એસ. વિદ્યાસભા સ્કૂલ, લાઠી રોડ, અમરેલી રહેશે. વધુ વિગતો માટે કન્વીનર, ધર્મેશભાઈ અમીપરાનો ૭૮૭૪૪૦૯૨૦૧ પર સંપર્ક કરી શકાશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: સાતમ
તા. ૧૧-૧૨-૨૦૨૫, ગુરૂવાર, સૂર્યોદય-૦૭:૧૪,
સૂર્યાસ્ત-૦૫:૫૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પૂર્વ ફાલ્ગુની

## દૈનિક રાશિફળ

તા.૧૧-૧૨-૨૦૨૫ ગુરૂવાર

મેષ: આજનો દિવસ તમારા માટે શુભ ફળ આપનારો છે અને પિતાના આશીર્વાદ-ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી ચીજવસ્તુ મેળવવાની ઇચ્છા આજે પૂર્ણ થશે.

વૃષભ: તમારા માટે આજનો દિવસ સારો છે અને તમને અન્યની મદદ કરવામાં વધુ આનંદ મળે છે. તમારો આજનો દિવસ દાનમાં વિતાવશો.

મિથુન: આજે તમને ગ્રહોની શુભ સ્થિતિને કારણે મોટી રકમ મળશે અને અટકેલા કામ પૂરા થતા મનમાં સંતોષ થશે.

કર્ક: આજનો દિવસ આનંદદાયક છે. પરિવાર સાથે સારો સમય પસાર કરશો. આજે તમે તમારી પત્ની અને બાળકો સાથે કંઈક સર્જનાત્મક કરશો.

સિંહ: આજે તમારી રાશિમાં ગ્રહોના જોડાણને કારણે શુભ સંયોગો થઈ રહ્યા છે. પરિણામે વૃદ્ધ લોકોની સેવા અને શુભ કાર્યો પર પૈસા ખર્ચ કરવાને કારણે મનમાં આનંદ થશે.

કન્યા: આજનો દિવસ તમારા માટે સારા પરિણામ આપવાનો છે. નાણાકીય પક્ષ મજબૂત રહેશે. અટકેલા કામો પૂરા થશે અને ખ્યાતિ વધશે.

તુલા: આજનો દિવસ શુભ છે અને શિક્ષણ-સ્પર્ધાના ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને વિશેષ સિદ્ધિઓ મળશે. આવકના નવા સ્ત્રોત સર્જાશે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે અનુકૂળ પરિણામ આપવાનો છે. રાજકીય ક્ષેત્રે અકાળે સફળતા પ્રાપ્ત થશે અને બાળકો પ્રત્યેની જવાબદારી પણ પૂર્ણ થશે.

ધન: આજનો દિવસ ખાસ રહેશે અને તમારા વિવાહિત જીવનમાં ખુશીઓ વધશે. આજે મુસાફરી થઈ શકે છે, પરંતુ સલામતીનું ખાસ ધ્યાન રાખો.

મકર: આજનો દિવસ તમારા માટે વ્યસ્ત પરંતુ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આજે ઘરની વસ્તુઓ ખરીદવામાં સમય લાગી શકે છે.

કુંભ: આજે અચાનક શરીરના દુઃખાવાને લીધે વધુ ખર્ચ કરવાની સ્થિતિ આવી શકે છે. પાછળથી દગો થઈ શકે છે.

મીન: આજે તમે જે કાર્યો તમે વિચાર્યા હતા તે પૂર્ણ કરી શકશો. આર્થિક સ્થિતિ પહેલા કરતા સારી રહેશે. વ્યવસાયમાં પરિવર્તનની યોજના છે.

# સાવરકુંડલા રેડક્રોસ સોસાયટી દ્વારા ખડસલીમાં વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા ટેસ્ટ કેમ્પ યોજાયો

સાવરકુંડલા,તા.૧૦

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી સાવરકુંડલા તાલુકા બ્રાંચ દ્વારા સાવરકુંડલા તાલુકાના ખડસલી મુકામે વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા ટેસ્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ વિમળાબેન ચંપકલાલ ખેતાણી પરિવાર (હાલ મુંબઈ) ના આર્થિક સહયોગથી યોજાયો હતો.



નોંધનીય છે કે, ખેતાણી પરિવાર સતત પાંચમા વર્ષે આ સેવાકાર્યમાં સહભાગી બન્યો છે. આ કેમ્પમાં ખડસલી મુકામે આવેલ વેટરનરી કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં ટેસ્ટ કરાવી લાભ લીધો હતો. આ પ્રસંગે ડૉ. વડેરા, ડૉ. પીપળીયા, ડૉ. રાજપુરા અને અષ્ટકાંતભાઈ સૂચક સહિતના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. કેમ્પને સફળ બનાવવા માટે સાવરકુંડલા રેડક્રોસ બ્રાંચના સેક્રેટરી મેહુલભાઈ વ્યાસ અને ઈલાબેન વાઢેર દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

# બગસરામાં ટાયર ભરવાની ના પાડતા પુરુષને છરીનો ઘા ઝીંક્યો

બગસરા, તા.૧૦

બગસરા પંથકમાં એક નજીવી બાબત પર ઉશ્કેરાઈને એક આરોપીએ ફરિયાદી પર જીવલેણ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. ટાયર ભરી લાવવાની ના પાડવાને કારણે આરોપીએ ફરિયાદીને છરી મારીને ઈજા પહોંચાડી હતી. આ અંગે જીલુભાઈ સુરગભાઈ ખાખડીયા (ઉ.વ.૪૯) એ દિપુભાઈ ભરતભાઈ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીએ તેમને ફોન કરીને જણાવ્યું હતું કે, "મારી ફોરવ્હીલ કારના ચાર ટાયર ભરીને લઈ આવ." ત્યારે તેમણે આરોપીને કહ્યું હતું કે, "મારો હાથ દુ:ખે છે, જેથી હું ટાયર ભરીને આવી શકું તેમ નથી." આ બાબત આરોપીને સારી ન લાગતા, હુમલો કર્યો હતો. આરોપીએ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.


**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ નં.214/2025

**પ્રતિ,**
શ્રી સાજીદભાઈ ભીખાભાઈ લાલાણી,
રહે. છાછર, ગામ-છાછર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ
**કોડીનાર** .....**અરજદાર**
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત છાછર, તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના છાછર ગામના રહીશ ભીખાભાઈ લાલાણી તથા રોસનબેન ભીખાભાઈ લાલાણીના પુત્ર સીરાજઅલી ભીખાભાઈ લાલાણીનો જન્મ તારીખ **08/01/1980** ના રોજ કોડીનાર તાલુકાના છાછર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત છાછર, તાલુકો કોડીનાર સને.**1980** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૮/૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૪/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**



**-:: જાહેર નોટીસ ::-**

**મહે. શ્રી લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું. લાઠી**

**ફો.પ.અ.નં. ૧૫૬/૨૦૨૫**

અરજદાર : - પરવાડીયા પરેશભાઈ ઉકાભાઈ ઉ.વ. પુખ્ત
ધંધો ખેતીકામ, ધર્મે હિન્દુ/પટેલ
રહે લાઠી તા.લાઠી, જી. અમરેલી

**-: વિરૂધ્ધ :-**

સામાવાળા : - જન્મ-મરણ નોંધણી ચીફ ઓફીસર
લાઠી નગરપાલીકા

આથી લાગતા વળગતા સર્વેને જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદાર પોતે લાઠી ગામના રહેવાસી છે. અરજદારના સગા દાદા સ્વ. પરવાડીયા મનજીભાઈ ભુરાભાઈ અને તેમના સગા દાદી પરવાડીયા જમનાબેન મનજીભાઈની મરણ નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદારના સગા દાદા સ્વ. પરવાડીયા મનજીભાઈ ભુરાભાઈનું અવસાન ૧૭/૧૦/૧૦૮૨ ના રોજ તેમના સગા દાદી સ્વ. પરવાડીયા જમનાબેન મનજીભાઈનું તારીખ ૨૮/૦૨/૧૯૯૪ના લાઠી તેમના નિવાસ સ્થાન અસ્તા જે તે સમયે જે અંગેની મરણ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈને વાંધો/તકરાર કે હરકત હોય તેમણે મુદત તા.૦૧/૦૧/૨૦૨૬ ના રોજ અત્રેની કોર્ટ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી ખાતે સવાર/બપોરના ૩:૩૦ કલાકે ઉપસ્થિત રહેવુ તેમ કરવામાં કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

**સ્થળ :- લાઠી**
**તારીખ :- ૧૦/૧૨/૨૦૨૫**

**સહી**
**શીરીસ્તેદાર ઓફ**
**લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબ કચેરી**



**મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બગસરા**

જન્મ-મરણ રજી નં.૫૯/૨૫ તા.૧૦/૧૧/૨૦૨૫

અરજદાર:- (૧) શ્રી સુવાગીયા ભાદાભાઈ કેશવભાઈ
રહે. શાપર, તા.બગસરા, જિ.અમરેલી
(૨) વિવાદીના વકીલ શ્રી એફ. કે. ઠેબા રહે. બગસરા
મો.૯૯૨૫૫ ૩૭૬૭૧

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:- (૧) જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી સુડાવડ,
તા.બગસરા, જિ.અમરેલી

**-// નોટીસ //-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના શાપર ગામના રહીશ શ્રી સુવાગીયા ભાદાભાઈ કેશવભાઈ તેમના પુત્રશ્રી સુવાગીયા ઘેલાભાઈ ભાદાભાઈનો જન્મ તા.૧૮/૦૭/૧૯૮૧ના રોજ બગસરા તાલુકાના સુડાવડ ગામે થયેલ હોવાની નોંધ રજીસ્ટર થવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આથી આ કામના અરજદારશ્રીના પુત્રશ્રીનો જન્મનોંધ રજીસ્ટરમાં કરાવી આપવાના કામે ઉક્ત અરજદારશ્રી તથા સામાવાળા અત્રેની કોર્ટમાં મુદત તા.૧૯/૧૧/૨૦૨૫ ના રોજ ૧૨:૦૦ કલાકે બિનચુક હાજર રહેવા જણાવવામાં આવે છે.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**બગસરા**

તંત્રી લેખ

# વિકસિત ભારતની સ્પેસ ઈકોનોમી

ભારતનો અવકાશ કાર્યક્રમ માત્ર વૈજ્ઞાનિક મહત્ત્વાકાંક્ષાઓનું પ્રતીક નથી, પરંતુ તે દેશમાં એક નવી આર્થિક ક્રાંતિનો પાયો નાખી રહ્યો છે. વિશ્વ જ્યારે અવકાશને સંશોધન ક્ષેત્ર તરીકે જુએ છે, ત્યારે ભારત તેને આર્થિક વિકાસના મુખ્ય એન્જિન તરીકે પરિવર્તિત કરી રહ્યું છે. કેન્દ્ર સરકારની મહત્ત્વાકાંક્ષી યોજના હેઠળ, ૨૦૩૫ સુધીમાં ભારત પોતાનું સ્પેસ સ્ટેશન - એક સ્વયં સંપૂર્ણ અવકાશ મથક - તૈયાર કરશે, જે દેશની સ્પેસ ઈકોનોમીને ચાર લાખ કરોડ રૂપિયાના આંકડા સુધી પહોંચાડશે. આ એક એવું વિઝન છે, જે ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના સ્વપ્નને વાસ્તવિકતામાં બદલશે. હાલમાં આ ક્ષેત્રનું કદ લગભગ $૮ બિલિયન છે, જે આગામી આઠથી દસ વર્ષમાં $૪૦-૪૫ બિલિયન સુધી વિસ્તરવાની સંભાવના છે. રૂપિયાની સમજૂતીમાં આ આંકડો આશરે ૩.૬થી ૪ લાખ કરોડ રૂપિયાનું પ્રતિનિધિત્વ કરે છે. આ અભૂતપૂર્વ વૃદ્ધિ ઈસરો (ISRO)ની અદ્ભુત સિદ્ધિઓ અને ખાનગી ક્ષેત્રની ઝડપી એન્ટ્રીનું પરિણામ છે, જે હવે અવકાશને એક આર્થિક વિકાસનો વ્યવસાય બનાવી રહી છે. ભારતની આર્થિક રીતે લાભદાયી અને વ્યવહારુ રણનીતિ દેશના યુવા વૈજ્ઞાનિકો અને ઉદ્યોગપતિઓ માટે નવી તકોનું સર્જન કરી રહી છે, જે વૈશ્વિક મહાસત્તા તરીકે ભારતની સ્થાપના કરશે. ISRO અને ખાનગી ક્ષેત્રનો સુભગ સમન્વય વિકાસની નવી ક્ષિતિજો સર કરશે. ભારતનો અવકાશ કાર્યક્રમ આજે એક નવીન પડકારમાં પ્રવેશી રહ્યો છે, જ્યાં ઈસરોની સરકારી મજબૂતી અને ખાનગી કંપનીઓની નવીનતા એકસાથે કામ કરી રહી છે. ૨૦૨૩માં ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર 'વિક્રમ લેન્ડર'નું સફળ ઉતરાણ માત્ર એક વૈજ્ઞાનિક જીત નહોતી, પરંતુ તે પછીના તમામ કાર્યક્રમો માટે એક મજબૂત પાયો સાબિત થયું છે. આ સિદ્ધિ બાદ, ઈસરો હવે ૨૦૨૭માં 'ગગનયાન' મિશન દ્વારા પ્રથમ માનવ અવકાશ ઉડાનની તૈયારીઓને વેગ આપી રહ્યું છે, જેનાથી ભારત આ સિદ્ધિ મેળવનાર દુનિયાનો છઠ્ઠો દેશ બનશે. પરંતુ આ માત્ર શરૂઆત છે; સરકારનું મુખ્ય ધ્યાન ૨૦૩૫ સુધીમાં અવકાશમાં કાયમી ઉપસ્થિતિ સ્થાપિત કરવા પર છે, જેમાં ચંદ્ર પર આધારભૂત કેન્દ્ર અને ભારતનું પોતાનું સ્પેસ સ્ટેશન સામેલ છે. વર્તમાનમાં, ૪૦૦થી વધુ સ્પેસ સ્ટાર્ટઅપ્સ સેટેલાઈટ ઉત્પાદન, પ્રક્ષેપણ સેવાઓ અને અવકાશ ડેટા વિશ્લેષણમાં સક્રિય છે. 'સ્કાયરૂટ' અને 'આગ્નિકુલ કોસ્મોસ' જેવી કંપનીઓ નાના રોકેટ્સ અને સેટેલાઈટ્સના વિકાસમાં અગ્રેસર છે. ઈસરો સાથેની તેમની ભાગીદારી આ ક્ષેત્રને વધુ ગતિ આપી રહી છે. આગામી પાંચ વર્ષમાં આ ક્ષેત્રમાં વિદેશી રોકાણકારોના રસને કારણે મોટા પાયે રોકાણની અપેક્ષા છે. સરકારની 'ડીપ-ટેક પોલિસીઓ' ખાનગી ક્ષેત્રને પ્રોત્સાહન આપી રહી છે, જે અવકાશને એક લોકપ્રિય વ્યવસાય બનાવી રહ્યું છે. ૨૦૩૦ સુધીમાં વૈશ્વિક વ્યાપારી અવકાશ માર્કેટનો ૮થી ૧૦ ટકા હિસ્સો કબજે કરવાનું લક્ષ્ય ભારતની વિશાળ સંભાવનાઓને દર્શાવે છે. પડકારો સામે તકો દ્વારા સંતુલિત અવકાશ રણનીતિ વિકાસનું સીમાચિન્હ બનશે. આગળનો માર્ગ આશાસ્પદ હોવા છતાં, તેમાં કેટલાક પડકારો પણ છે. ભારતનો અવકાશ કાર્યક્રમ હંમેશા બજેટની મર્યાદાઓમાં ચાલ્યો છે, પરંતુ હવે ખાનગી રોકાણથી તે વધુ મજબૂત બની રહ્યો છે. તેમ છતાં, માનવ અવકાશ ઉડાન અને સ્પેસ સ્ટેશન જેવા મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ માટે વિશાળ અને સતત રોકાણ જરૂરી છે, જેના માટે વિદેશી ભાગીદારી અનિવાર્ય છે. ઉપરાંત, કુશળ માનવબળની ઉપલબ્ધતા અને ટેક્નોલોજીકલ ગેપને દૂર કરવા માટે શિક્ષણ અને તાલીમ પર વધુ ભાર મૂકવો પડશે. જોકે, આ પડકારો જ નવી તકોનું સર્જન કરી શકે છે.

# ભારત-રશિયા વચ્ચે સંરક્ષણ કરારોથી સંબંધોની નવી ઊંચાઈ



પ્રાસંગિક
સુરેશ દેસાઈ

વૈશ્વિક રાજકારણના આ ગતિશીલ યુગમાં, ભારત અને રશિયા વચ્ચેના સંબંધો એક અવિચલિત ભાગીદારીનું પ્રતીક છે. બંને દેશોની મિત્રતા માત્ર ઐતિહાસિક નથી, પરંતુ સમયની કસોટીમાંથી પસાર થયેલી અને ભવિષ્યની વ્યૂહાત્મક જરૂરિયાતોને પૂર્ણ કરતી એક પ્રગતિશીલ ગાઢ ભાગીદારી છે. તાજેતરમાં, ૫ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ, નવી દિલ્હીમાં યોજાયેલી ૨૩મી ભારત-રશિયા વાર્ષિક શિખર મંત્રણામાં થયેલા નવા સંરક્ષણ અને આર્થિક કરારોએ આ સંબંધોને વધુ મજબૂત બનાવ્યા છે, જે વૈશ્વિક અસ્થિરતા વચ્ચે બંને દેશોને આત્મનિર્ભરતા અને સુરક્ષા પ્રદાન કરે છે. ભારત-રશિયા સંબંધોની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ અને વિશ્વાસનો વારસો અનોખો છે. ભારત અને રશિયા વચ્ચેના સંબંધોની શરૂઆત સદીઓ જૂની છે, જે સોળમી સદીથી મધ્ય એશિયા અને વોલ્ગા નદીના કિનારે વેપારી વિનિમય અને સાંસ્કૃતિક આદાન-પ્રદાન દ્વારા વિકસી છે. રશિયન વેપારીઓ ભારતીય મસાલા, કાપડ અને રત્નો માટે આવતા, જ્યારે ભારતીય વેપારીઓ રશિયન ફર્સ અને ધાતુઓ મેળવતા. આ સમયગાળામાં ભારતીય પુરાણોના રશિયન અનુવાદો અને યોગ-આયુર્વેદનું રશિયામાં પ્રસાર થયો. આધુનિક સંબંધોનો પાયો વીસમી સદીના પૂર્વાર્ધમાં નંખાયો, જ્યારે બંને દેશો સામ્રાજ્યવાદી શક્તિઓ સામે લડી રહ્યા હતા. ૧૯૧૭ની રશિયન ક્રાંતિએ ભારતીય સ્વાતંત્ર્ય સેનાનીઓને પ્રેરણા આપી, અને લેનિનના વિચારોએ ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટીના નિર્માણમાં મદદ કરી. ભારતની આઝાદી (૧૯૪૭) પછી આ સંબંધો વધુ ઘનિષ્ઠ બન્યા. પંડિત જવાહરલાલ નેહરુએ બિન-જોડાણની નીતિ અપનાવી હોવા છતાં, સોવિયેત યુનિયન સાથેના સંબંધોને વિશેષ મહત્વ આપ્યું. ૧૯૫૫માં નેહરુની મોસ્કો મુલાકાત દરમિયાન 'ભારતીય-સોવિયેત મિત્રતા સંધિ' પર હસ્તાક્ષર થયા, જેણે આર્થિક અને તકનીકી સહયોગની શરૂઆત કરી. સોવિયેત યુનિયને ભીલાઈ, રુરકેલા અને જેવા ઉદ્યોગોની સ્થાપનામાં ભારતને મદદ કરી, અને કૃષિ, શિક્ષણ તથા વિજ્ઞાન ક્ષેત્રે પણ સહાય પૂરી પાડી.૧૯૬૦ના દાયકામાં ચીન સાથેના સરહદી વિવાદો દરમિયાન સોવિયેત યુનિયન ભારતનું મજબૂત સમર્થક બન્યું. ૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં સોવિયેત નૌસેનાની તૈનાતીએ અમેરિકા અને ચીનના વિરોધને નિષ્ફળ બનાવ્યો, જે ભારતની જીતમાં નિર્ણાયક સાબિત થયો. આ પછી, ૧૯૭૧માં થયેલી 'ભારત-સોવિયેત શાંતિ, મિત્રતા અને સહકાર સંધિ' શીત યુદ્ધના સમયગાળામાં ભારતની વિદેશ નીતિનો આધાર બની. સંરક્ષણ ક્ષેત્રે સહયોગ અત્યંત મહત્વનો રહ્યો છે. સોવિયેત યુનિયને ભારતને MIG-૨૧ જેવા લડાકુ વિમાનો, T-૭૨ ટેન્કો અને S-૩૦૦ મિસાઈલ વ્યવસ્થાઓ આપીને ભારતીય સેનાના આધુનિકીકરણમાં મોટી ભૂમિકા ભજવી. ૧૯૮૦ના દાયકામાં અંતરિક્ષ અને પરમાણુ કાર્યક્રમોમાં પણ સહયોગ ગાઢ બન્યો. ૧૯૯૧માં સોવિયેત યુનિયનના વિઘટન પછી, રશિયાએ એક નવા રાષ્ટ્ર તરીકે ઉભરીને પણ ભારત સાથેના સંબંધો અકબંધ રાખ્યા. બોરિસ યેલ્ત્સીન અને વ્લાદિમીર પુતિનના નેતૃત્વમાં ૧૯૯૩માં વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત થઈ, જે ૨૦૦૦માં 'સ્પેશિયલ એન્ડ પ્રિવિલેજ્ડ' સ્તરે પહોંચી. સુખોઈ-૩૦ MKI જેવા વિમાનોનું સંયુક્ત ઉત્પાદન શરૂ થયું, જે આજે ભારતીય વાયુસેનાનો મુખ્ય આધારસ્તંભ છે. ૨૦૦૪માં રશિયન ટેકનોલોજી પર આધારિત કુડંકુલમ પરમાણુ વીજળી કેન્દ્રની સ્થાપના થઈ, જે ભારતની ઊર્જા જરૂરિયાતો પૂરી પાડે છે. ૨૧મી સદીમાં, આ સંબંધો વૈશ્વિક પડકારો વચ્ચે કેન્દ્રમાં રહ્યા. ૯/૧૧ પછી, બંને દેશોએ આતંકવાદ સામે ગુપ્ત માહિતીના આદાન-પ્રદાન અને સંયુક્ત લશ્કરી અભ્યાસો દ્વારા સહયોગ વધાર્યો. ભારતની 'મેક ઈન ઈન્ડિયા' અને રશિયાની નીતિઓએ સંયુક્ત ઉત્પાદનને પ્રોત્સાહન આપ્યું. બ્રહ્મોસ મિસાઈલનો સંયુક્ત વિકાસ અને S-૪૦૦ વાયુ રક્ષા પ્રણાલીની ખરીદી (૨૦૧૮) જેવા કરારોએ સંરક્ષણ સહયોગને નવી ઊંચાઈએ પહોંચાડ્યો છે. આર્થિક વેપાર પણ નોંધપાત્ર રીતે વધ્યો છે; ૨૦૨૦માં $૮.૧ અબજથી વધીને ૨૦૨૫માં $૬૮.૭૨ અબજ પહોંચ્યો છે, જે મુખ્યત્વે રશિયન તેલની આયાતને કારણે છે. યુક્રેન સંકટ (૨૦૨૨) પછી પણ ભારતે તટસ્થ વલણ અપનાવ્યું, પશ્ચિમી પ્રતિબંધોનો વિરોધ કર્યો અને રશિયા સાથેના સંબંધો જાળવી રાખ્યા. BRICS, SCO અને G20 જેવા મંચો પર પણ બંને દેશો વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી ધરાવે છે. રશિયા ભારત માટે વિશ્વસનીય સાથી રહ્યું છે, જે વિકાસ અને વૈશ્વિક શાંતિના માર્ગને આગળ વધારવામાં મદદરૂપ છે. નવા સંરક્ષણ કરારો વિષે જાણવું જરૂરી છે. વ્યૂહાત્મક સહયોગનું વિસ્તરણ આ મજબૂત ઐતિહાસિક પૃષ્ઠભૂમિ પર આધારિત, ૫ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ નવી દિલ્હીમાં યોજાયેલી ૨૩મી વાર્ષિક શિખર મંત્રણામાં કુલ ૧૬ કરારો પર હસ્તાક્ષર થયા, જેમાં વેપાર, આરોગ્ય, શિક્ષણ અને સંસ્કૃતિના ક્ષેત્રોનો સમાવેશ થાય છે. આ કરારોમાં સંરક્ષણ કરારો મુખ્ય છે, જે બંને દેશો વચ્ચેની મિત્રતાને નવી ઊંચાઈએ લઈ જશે. સૌથી મહત્વનો કરાર છે **RELOS (Reciprocal Logistics Exchange and Servicing)**. આ કરાર ભારત અને રશિયાની સેનાઓને પરસ્પર લશ્કરી લોજિસ્ટિક્સ સહાય પર સુવિધા આપે છે. આનાથી ભારતીય નૌસેના અને વાયુસેના રશિયાના આર્કટિક અને પેસિફિક ક્ષેત્રોમાં (રિફ્યુઅલિંગ) અને જાળવણી માટે સુવિધાઓનો ઉપયોગ કરી શકશે, જ્યારે રશિયન સેનાને ભારતના ઈન્ડો-પેસિફિક વિસ્તારમાં આશરો મળશે. આ કરાર ભારતની વ્યૂહાત્મક પહોંચને વિસ્તારે છે અને બંને દેશોને ઝડપી પ્રતિસાદ આપવાની ક્ષમતામાં વધારો કરે છે. વધુમાં, રશિયન હથિયારોના ભાગો, એસેમ્બલીઓ અને સ્પેર પાટ્ર્સનું ભારતમાં સંયુક્ત ઉત્પાદન શરૂ થશે. આ પગલું ભારતની 'મેક ઈન ઈન્ડિયા' પહેલને મજબૂત કરશે અને મહત્વના સંરક્ષણ સાધનો માટે આયાત પરની નિર્ભરતા ઘટાડશે. આ સંયુક્ત ઉત્પાદન ટેકનોલોજીના હસ્તાંતરણ અને સ્વદેશીકરણની દિશામાં એક મોટું પગલું છે. આર્થિક ક્ષેત્રે, આ કરારો ૨૦૩૦ સુધીમાં $૧૦૦ અબજના વેપાર લક્ષ્યને પ્રોત્સાહન આપશે. રશિયન તેલની અવિરત સપ્લાય અને ભારતીય વસ્તુઓની નિકાસમાં વધારો થવાથી આર્થિક સંબંધો વધુ મજબૂત બનશે. વૈશ્વિક અસ્થિરતા, જેમ કે યુક્રેન અને મધ્ય પૂર્વના સંકટો વચ્ચે, આ કરારો બંને દેશોને આત્મનિર્ભર બનાવશે અને વૈશ્વિક શાંતિ માટેના તેમના સહિયારા પ્રયાસોને મજબૂત કરશે. મોદી-પુતિન શિખર મંત્રણા વિશ્વાસ અને પ્રગતિનું પ્રતીક છે. ૫ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ નવી દિલ્હીના હૈદરાબાદ હાઉસમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ૨૩મી વાર્ષિક શિખર મંત્રણા કરી. આ મુલાકાત દરમિયાન બંને નેતાઓએ 'રશિયા-ઈન્ડિયા: એ ટાઈમ-ટેસ્ટેડ પ્રોગ્રેસિવ પાર્ટનરશિપ' નામના સંયુક્ત નિવેદન પર હસ્તાક્ષર કર્યા. આ નિવેદનમાં સંરક્ષણ, વેપાર અને ઊર્જા ક્ષેત્રોમાં ગાઢ સહયોગની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી. વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રપતિ પુતિનને 'મારા મિત્ર' કહીને આવકાર્યા, જે બંને નેતાઓ વચ્ચેના વ્યક્તિગત વિશ્વાસ અને મિત્રતાને દર્શાવે છે. રાષ્ટ્રપતિ પુતિને અમેરિકી પ્રતિબંધોના પડકારો વચ્ચે પણ ભારતીય તેલ આયાતને 'અવિરત' જાહેર કરી, જે રશિયાની ભારત પ્રત્યેની પ્રતિબદ્ધતાને પુનઃસ્થાપિત કરે છે. આ મંત્રણાએ બંને દેશો વચ્ચેના વિશ્વાસને પુનઃપ્રસ્થાપિત કરીને વૈશ્વિક વેપાર અને સુરક્ષા માટે નવી તકો ખોલી છે. નવા સંરક્ષણ કરારો અને ઉષ્માપૂર્ણ શિખર મંત્રણા ભારત-રશિયા મિત્રતાને એક નવા યુગમાં લઈ જશે, જ્યાં સહયોગ માત્ર રક્ષણ જ નહીં, પરંતુ વિકાસ અને વૈશ્વિક શાંતિનો પણ આધાર બનશે.

**રશિયા ભારત માટે વિશ્વસનીય સાથી રહ્યું છે, જે વિકાસ અને વૈશ્વિક શાંતિના માર્ગને આગળ વધારવામાં મદદરૂપ છે. ૫ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ નવી દિલ્હીમાં યોજાયેલી ૨૩મી વાર્ષિક શિખર મંત્રણામાં કુલ ૧૬ કરારો પર હસ્તાક્ષર થયા, જેમાં વેપાર, આરોગ્ય, શિક્ષણ અને સંસ્કૃતિના ક્ષેત્રોનો સમાવેશ થાય છે. આ કરારોમાં સંરક્ષણ કરારો મુખ્ય છે, જે બંને દેશો વચ્ચેની મિત્રતાને નવી ઊંચાઈએ લઈ જશે.**

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૨૭૦ | ૧૫૫૧ |
| ઘઉં લોકવન | ૫૦૨ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૯૪ |
| જુવાર સફેદ | ૮૭૦ | ૧૦૧૨ |
| જુવાર પીળી | ૩૯૧ | ૪૨૧ |
| બાજરી | ૩૩૫ | ૪૯૪ |
| મકાઇ | ૨૯૪ | ૪૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ચણા પીળા | ૯૩૫ | ૧૦૬૫ |
| ચણા સફેદ | ૧૩૭૫ | ૧૮૭૫ |
| અડદ | ૯૦૦ | ૧૪૫૦ |
| મગ | ૧૨૫૦ | ૧૮૦૦ |
| વાલ દેશી | ૫૦૦ | ૯૩૨ |
| ચોળી | ૧૦૫૦ | ૧૩૩૦ |
| મઠ | ૯૦૦ | ૧૪૦૦ |
| વટાણા | ૧૩૦૦ | ૧૯૩૦ |
| કળથી | ૪૫૦ | ૫૫૦ |
| રાજમા | ૯૫૦ | ૧૪૭૫ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૩૭૦ |
| મગફળી જીણી | ૯૮૦ | ૧૩૫૦ |
| તલી | ૧૮૪૦ | ૨૨૨૫ |
| એરંડા | ૧૦૫૦ | ૧૩૦૫ |
| અજમો | ૧૦૦૦ | ૧૦૦૦ |
| સુવા | ૧૫૫૨ | ૧૫૫૨ |
| સોયાબીન | ૮૦૦ | ૮૮૫ |
| સીંગફાડા | ૯૩૫ | ૧૪૯૨ |
| કાળા તલ | ૩૬૩૦ | ૫૦૦૫ |
| લસણ | ૬૭૫ | ૧૦૬૫ |
| ધાણા | ૧૪૫૦ | ૧૮૬૨ |
| મરચા સુકા | ૧૪૦૦ | ૩૨૫૦ |
| ધાણી | ૧૪૦૦ | ૧૯૬૩ |
| વરીયાળી | ૧૧૪૧ | ૧૪૭૦ |
| જીરૂ | ૩૪૭૫ | ૩૯૩૦ |
| રાય | ૧૪૦૧ | ૧૮૭૦ |
| મેથી | ૯૧૧ | ૧૫૨૦ |
| ઇસબગુલ | ૧૨૦૦ | ૧૮૯૫ |
| અશેરીયો | ૧૧૭૯ | ૧૧૭૯ |
| કલોંજી | ૪૦૦૦ | ૪૯૫૦ |
| રાયડો | ૧૧૨૧ | ૧૨૦૦ |
| રજકાનું બી | ૬૦૦૦ | ૧૦૭૦૦ |
| ગુવારનું બી | ૮૦૦ | ૯૦૫ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૨૫૩ | ૫૯૨ |
| પપૈયા | ૮૦ | ૧૦૦ |
| બટેટા | ૧૭૯ | ૪૦૨ |
| ડુંગળી સુકી | ૧૧૫ | ૩૭૦ |
| ટમેટા | ૩૨૬ | ૫૧૦ |
| સુરણ | ૫૭૯ | ૭૦૨ |
| કોથમરી | ૨૦૭ | ૩૨૧ |
| મુળા | ૪૧૨ | ૬૧૫ |
| રીંગણા | ૫૯૨ | ૧૧૯૩ |
| કોબીજ | ૧૩૮ | ૨૫૮ |
| ફ્લાવર | ૩૪૨ | ૫૫૨ |
| ભીંડો | ૯૮૭ | ૧૩૭૨ |
| ગુવાર | ૧૦૫૨ | ૧૮૦૭ |
| ચોળાસીંગ | ૬૦૩ | ૭૧૪ |
| વાલોળ | ૭૯૬ | ૧૧૩૨ |
| ટીંડોરા | ૪૧૮ | ૭૦૩ |
| દુધી | ૨૦૧ | ૩૨૪ |
| કારેલા | ૪૮૯ | ૬૧૪ |
| સરગવો | ૧૧૮૭ | ૧૭૦૫ |
| તુરીયા | ૯૪૨ | ૧૦૮૦ |
| પરવર | ૯૮૯ | ૧૨૨૫ |
| કાકડી | ૫૧૩ | ૮૨૬ |
| ગાજર | ૨૭૨ | ૪૨૬ |
| વટાણા | ૯૮૩ | ૧૨૨૨ |
| તુવેરસીંગ | ૩૭૯ | ૬૦૩ |
| ગલકા | ૪૫૩ | ૬૮૮ |
| બીટ | ૧૭૯ | ૩૨૭ |
| મેથી | ૬૦૧ | ૭૯૨ |
| વાલ | ૮૧૩ | ૯૮૯ |
| ડુંગળી લીલી | ૨૬૧ | ૩૯૪ |
| આદુ | ૧૦૧૧ | ૧૨૦૬ |
| ચણા લીલા | ૮૫ | ૪૮૪ |
| મરચા લીલા | ૪૦૨ | ૬૭૯ |
| હળદર લીલી | ૩૭૮ | ૫૧૨ |
| લસણ લીલું | ૧૧૭૯ | ૧૬૪૫ |
| મકાઇ લીલી | ૨૩૭ | ૩૭૯ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૫૧ | ૧૫૨૧ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૪ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૫૦ |
| મગફળી જીણી | ૮૦૦ | ૧૩૭૧ |
| સિંગદાણા જાડા | ૧૦૨૧ | ૧૪૪૧ |
| સિંગ ફાડીયા | ૮૪૧ | ૧૪૦૧ |
| એરંડા / એરંડી | ૧૦૭૧ | ૧૩૪૬ |
| જીરૂ | ૨૬૦૧ | ૪૦૧૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૮૬૧ |
| લસણ સુકું | ૪૦૧ | ૧૦૧૧ |
| ડુંગળી લાલ | ૧૦૧ | ૪૬૧ |
| અડદ | ૮૫૧ | ૧૪૦૧ |
| મઠ | ૧૨૭૬ | ૧૨૭૬ |
| તુવેર | ૯૦૦ | ૧૫૦૧ |
| મેથી | ૫૦૦ | ૧૧૭૧ |
| કાંગ | ૪૮૧ | ૫૮૧ |
| મરચા | ૭૦૧ | ૩૭૫૧ |
| મગફળી જાડી | ૭૭૧ | ૧૩૮૧ |
| સફેદ ચણા | ૯૫૧ | ૧૮૮૧ |
| મગફળી ૬૬ | ૧૦૦૦ | ૧૪૫૧ |
| તલ - તલી | ૧૧૧૧ | ૨૧૪૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૮૯૧ |
| ડુંગળી સફેદ | ૧૦૧ | ૩૯૧ |
| બાજરો | ૩૦૦ | ૪૬૧ |
| જુવાર | ૮૧૧ | ૮૮૧ |
| મગ | ૯૩૧ | ૧૮૦૦ |
| ચણા | ૬૫૧ | ૧૦૯૧ |
| વાલ | ૪૪૧ | ૮૬૧ |
| ચોળા / ચોળી | ૫૦૦ | ૭૫૧ |
| સોયાબીન | ૬૦૧ | ૮૭૧ |
| ગોગળી | ૮૪૦ | ૧૦૯૧ |
| વટાણા | ૧૧૦૧ | ૧૧૫૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૨૦૦ | ૮૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૫૮૦ | ૨૪૦૦ |
| કોબી | ૧૦૦ | ૪૦૦ |
| દુધી | ૪૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૩૦ | ૭૦૦ |
| કાકડી | ૨૦૦ | ૭૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૧૫૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૧૮૦ | ૮૦૦ |
| ગાજર | ૧૮૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૮૦૦ |
| તુવેર | ૨૦૦ | ૮૦૦ |
| વાલ | ૫૦૦ | ૧૩૦૦ |
| વટાણા | ૮૦૦ | ૧૨૦૦ |
| કેરી કાચી | ૧૨૦૦ | ૧૮૦૦ |
| બટેટા | ૨૦૦ | ૪૦૦ |
| અંબાળા | ૩૮૦ | ૬૦૦ |
| લીલી હળદર | ૩૦૦ | ૬૦૦ |
| ડુંગળી પુરા | ૨ | ૫ |
| તાંજરીયા પુરા | ૨ | ૭ |
| કોથમીર પુરા | ૧ | ૬ |
| મૂળા પુરા | ૫ | ૮ |
| ફોદીનો પુરા | ૧ | ૨ |
| alavipan | ૪ | ૮ |
| ઘીસોડા | ૫૦૦ | ૧૬૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૭૦૦ |
| મેથી પુરા | ૨ | ૯ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૨૦૦ |
| વાલોર | ૩૦૦ | ૧૦૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૨૦૦ |
| આદુ | ૭૮૦ | ૧૩૦૦ |
| લસણ પુરા | ૩ | ૭ |
| પાલક પુરા | ૧ | ૩ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૮૫૫ | ૧૩૦૧ |
| શીંગ ગીરનાર | ૧૦૫૬ | ૧૩૨૫ |
| શિંગ મોટી | ૮૩૦ | ૧૪૦૦ |
| શિંગદાણા | ૯૦૦ | ૧૩૧૨ |
| તલ સફેદ | ૧૦૨૨ | ૨૪૦૦ |
| તલ કાળા | ૩૦૦૦ | ૫૨૦૫ |
| તલ કાશ્મીરી | ૨૩૮૬ | ૨૩૮૬ |
| બાજરો | ૩૦૦ | ૪૬૧ |
| જુવાર | ૭૦૧ | ૯૫૧ |
| ઘઉં ટુકડા | ૪૬૬ | ૫૬૧ |
| ઘઉં લોકવન | ૪૫૨ | ૫૪૧ |
| મગ | ૬૨૦ | ૧૧૫૦ |
| અડદ | ૯૧૦ | ૧૨૧૫ |
| ચણા | ૮૮૦ | ૧૦૬૧ |
| સફેદ ચણા | ૧૦૨૧ | ૧૧૦૩ |
| છોલે ચણા | ૧૫૩૫ | ૧૫૩૫ |
| તુવેર | ૭૯૫ | ૧૧૨૦ |
| વાલ | ૬૨૫ | ૮૧૫ |
| કપાસ | ૧૦૭૦ | ૧૫૬૬ |
| એરંડા | ૧૧૨૦ | ૧૩૦૦ |
| જીરૂ | ૩૫૪૦ | ૩૯૦૦ |
| ધાણા | ૧૬૦૦ | ૧૮૭૧ |
| અજમા | ૧૮૫૦ | ૨૧૯૦ |
| મેથી | ૯૭૫ | ૧૦૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૭૧ |
| રજકાનુ બી | ૬૬૦૦ | ૯૭૦૦ |
| મરચા લાંબા | ૭૬૦ | ૩૩૦૦ |
| કાંગ | ૫૫૫ | ૫૫૫ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૩૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૧૬૧૦ | ૧૮૧૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૨૪૦ | ૩૬૦ |
| શકકરીયા | ૬૦૦ | ૮૦૦ |
| ટમેટાં | ૫૦૦ | ૬૦૦ |
| સુરણ | ૭૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૪૧૦ | ૫૧૦ |
| દુધી | ૩૧૦ | ૪૧૦ |
| કારેલા | ૮૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૫૦૦ | ૭૦૦ |
| મુળા | ૩૦૦ | ૪૦૦ |
| કાકડી | ૩૨૦ | ૫૨૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૮૦૦ |
| વાલોળ | ૬૦૦ | ૭૦૦ |
| ચોળા લીલા | ૫૩૦ | ૮૩૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૦૦૦ |
| આમળા | ૬૦૦ | ૭૦૦ |
| તુવેર | ૪૧૦ | ૫૧૦ |
| ભીંડો | ૮૧૦ | ૧૦૧૦ |
| હળદર લીલી | ૪૦૦ | ૭૦૦ |
| આદુ | ૧૨૧૦ | ૧૩૧૦ |
| કોથમીર | ૩૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૫૧૦ | ૬૧૦ |
| ફોદીનો | ૬૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૮૦૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| પાલક | ૬૨૦ | ૭૨૦ |
| સરગવો | ૧૬૧૦ | ૨૦૧૦ |
| લીમડો મીઠો | ૨૩૦ | ૩૩૦ |
| મરચાં લીલાં | ૭૦૦ | ૧૦૦૦ |
| મરચા લાલ | ૮૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૨૯૦ |
| લસણ લીલું | ૭૨૦ | ૧૦૨૦ |
| લસણ સુકુ | ૪૧૦ | ૧૧૧૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૫૦૦ |
| વાલ | ૭૦૦ | ૮૦૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૨૭૧ |
| શીંગ મોટી | ૧૦૫૦ | ૧૩૮૦ |
| તલ સફેદ | ૧૮૨૫ | ૨૧૫૦ |
| તલ કાળા | ૪૬૦૦ | ૫૧૫૫ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૯૧૧ |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૪૦ |
| ઘઉં લોકવન | ૪૩૫ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૯૭ |
| બાજરો | ૩૫૦ | ૫૦૦ |
| અડદ | ૬૨૨ | ૧૦૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૧૯૬ |
| એરંડી | ૮૮૧ | ૧૨૨૫ |
| ધાણા | ૧૨૦૦ | ૧૪૫૦ |
| સોયાબીન | ૬૭૫ | ૮૪૮ |

**ધારી**

| | | |
|---|---|---|
| કપાસ એ | ૧૨૩૬ | ૧૪૮૭ |
| કપાસ કોડી | ૧૦૯૬ | ૧૧૯૬ |
| મગફળી | ૯૩૫ | ૧૨૪૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૩૦ |
| અડદ | ૧૦૭૫ | ૧૦૭૫ |
| એરંડા | ૧૧૭૫ | ૧૧૭૫ |
| ધાણા | ૧૨૫૦ | ૧૬૨૦ |
| તલ સફેદ | ૧૮૫૦ | ૨૦૦૦ |
| તલ કાળા | ૪૪૩૦ | ૪૪૩૦ |
| શીંગદાણા | ૧૦૨૫ | ૧૨૧૬ |
| સોયાબીન | ૭૮૫ | ૭૮૫ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦S | ૧૫૮૬ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૧૫ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૨૫ |
| અડદ | ૬૪૦ | ૧૦૫૫ |
| ચણા | ૬૦૦ | ૧૦૨૫ |
| ધાણા | ૧૭૫૧ | ૧૮૫૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૦૧૪ |
| મેથી | ૮૦૦ | ૧૦૨૫ |
| સોયાબીન | ૫૦૦ | ૮૩૦ |
| લસણ | ૪૩૦ | ૫૨૨ |
| મગફળી | ૬૧૫ | ૯૫૦ |
| જુવાર | ૩૦૦ | ૩૦૦ |
| શીંગદાણા | ૯૦૦ | ૧૩૦૦ |
| તલકાળા | ૧૭૦૦ | ૨૬૩૫ |
| ચણા છોલે | ૧૦૦૦ | ૧૦૦૦ |

**લીલીયા મોટા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૮૦ | ૧૫૩૦ |
| કપાસ સી ગ્રેડ | ૯૧૫ | ૯૮૦ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૬૦૦ | ૧૪૦૦ |
| તલ સફેદ | ૧૬૨૫ | ૨૪૦૨ |
| તલ પીળા | ૨૧૦૦ | ૨૧૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| બાજરો | ૩૬૧ | ૫૪૧ |
| ઘઉં ટુકડા | ૫૧૨ | ૬૫૫ |
| જુવાર | ૭૦૧ | ૧૦૬૩ |
| મગ | ૮૫૧ | ૧૯૦૦ |
| મઠ | ૯૯૦ | ૧૧૭૦ |
| ચણા | ૧૦૧૧ | ૧૦૧૧ |
| જીરૂ | ૩૯૨૫ | ૩૯૨૫ |
| ધાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૬૩૧ | ૮૦૨ |
| ચોળી | ૧૨૦૦ | ૧૨૦૦ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૨૪૦ | ૧૫૮૧ |
| કપાસ મીડીયમ | ૯૫૦ | ૧૨૩૦ |
| મગફળી | ૧૦૦૫ | ૧૩૨૫ |
| તલ સફેદ | ૧૫૯૦ | ૨૧૬૦ |
| તલ કાળા | ૩૧૨૦ | ૪૫૫૦ |
| જીરૂ | ૩૨૧૦ | ૩૯૭૦ |
| ઘઉં | ૪૬૬ | ૫૫૪ |
| ચણા | ૯૮૫ | ૧૦૪૫ |
| અડદ | ૯૩૦ | ૧૨૧૦ |
| સોયાબીન | ૭૯૫ | ૮૫૫ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૯૧ | ૧૫૩૬ |
| કપાસ કોડી | ૧૧૭૧ | ૧૩૯૦ |
| મગફળી | ૧૦૧૦ | ૧૨૫૪ |
| સોયાબીન | ૭૮૧ | ૮૨૦ |
| બાજરો | ૩૦૦ | ૩૦૦ |
| ઘઉં | ૫૫૧ | ૫૫૧ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૬૧૬ |
| ઘઉં | ૪૦૧ | ૫૨૧ |
| મગ | ૧૦૫૦ | ૧૫૦૧ |
| ચણા | ૭૦૧ | ૧૦૨૧ |
| અડદ | ૮૦૧ | ૧૨૨૬ |
| મગફળી | ૭૦૧ | ૧૩૧૬ |
| શીંગ ફાડા | ૧૦૫૧ | ૧૨૨૬ |
| સફેદ તલ | ૧૨૫૧ | ૨૦૪૬ |
| મેથી | ૫૦૧ | ૭૫૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૮૯૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૯૬ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ ૩૨ | ૮૪૭ | ૧૨૫૬ |
| શીંગ ૩૯ | ૮૦૦ | ૧૨૦૨ |
| શીંગ ગીરનાર | ૮૫૧ | ૧૨૯૫ |
| શીંગ જી-૨૦ | ૮૭૨ | ૧૩૩૧ |
| એરંડા | ૧૧૦૦ | ૧૧૨૬ |
| જુવાર | ૪૦૧ | ૭૪૯ |
| બાજરી | ૩૪૯ | ૬૩૫ |
| બાજરો | ૧૧૭૧ | ૧૮૦૦ |
| ઘઉં ટુકડા | ૪૮૧ | ૬૧૫ |
| મકાઈ | ૨૧૧ | ૩૬૫ |
| અડદ | ૭૦૫ | ૧૦૫૩ |
| મગ દેશી | ૮૯૯ | ૩૮૦૧ |
| સોયાબીન | ૬૬૦ | ૯૧૮ |
| ચણા | ૧૧૬૧ | ૧૧૬૧ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૨૦૭૫ |
| તલ કાળા | ૩૭૦૦ | ૩૮૮૦ |
| મેથી | ૬૦૧ | ૬૦૧ |
| ડુંગળી લાલ | ૯૦ | ૩૮૦ |
| ડુંગળી સફેદ | ૧૫૦ | ૨૫૨ |
| ડુંગળી એક્સ. | ૨૫૧ | ૯૩૧ |
| કપાસ શંકર | ૮૮૦ | ૧૫૧૩ |
| નાળીયેર | ૬૬૫ | ૨૨૯૪ |


**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૦૨૫ | ૧૩૭૮ |
| મગફળી ૩૨ | ૧૦૦૦ | ૧૨૯૧ |
| બાજરો | ૩૫૦ | ૫૮૨ |
| ઘઉં | ૫૦૫ | ૫૫૧ |
| જુવાર | ૭૫૧ | ૯૧૦ |
| અડદ | ૬૫૦ | ૧૨૦૦ |
| મગ | ૭૦૦ | ૧૭૮૫ |
| ચણા | ૮૫૦ | ૧૭૮૫ |
| સફેદ તલ | ૧૪૫૦ | ૧૯૯૪ |
| કાળા તલ | ૩૩૫૦ | ૪૬૦૫ |
| સોયાબીન | ૭૭૨ | ૮૬૫ |
| કપાસ | ૧૧૫૦ | ૧૪૬૨ |
| ડાંગર | ૭૦૦ | ૯૨ |
| કાંગ | ૪૦૦ | ૫૦૨ |

**જામનગર**

| | | |
|---|---|---|
| બાજરા | ૩૬૦ | ૪૯૫ |
| ઘઉં | ૪૭૦ | ૫૫૫ |
| મગ | ૭૮૦ | ૧૧૭૦ |
| અડદ | ૭૦૦ | ૧૨૩૦ |
| તુવેર | ૭૦૦ | ૯૦૦ |
| મેથી | ૪૦૦ | ૪૪૦ |
| ચોળી | ૪૩૦ | ૬૫૫ |
| ચણા | ૯૫૦ | ૧૦૭૦ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૬૦૫ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૩૫૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૨૮૦ |
| મગફળી ૬૬નં. | ૧૧૨૦ | ૧૪૨૫ |
| મગફળી ૯ નં. | ૧૧૦૦ | ૧૬૨૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૮૧ |
| તલ | ૧૦૦૦ | ૨૧૦૦ |
| રાયડો | ૯૫૦ | ૧૨૯૦ |
| રાઈ | ૧૨૦૦ | ૧૭૭૫ |
| લસણ | ૬૦૫ | ૧૪૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૪૦ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૯૪૦ |
| અજમો | ૧૫૦૦ | ૨૭૦૫ |
| અજમાની ભુકી | ૫૦ | ૧૭૪૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૭૭૫ |
| મરચા | ૭૦૦ | ૨૦૯૦ |
| ડુંગળી સુકી | ૫૦ | ૩૬૫ |
| સોયાબીન | ૭૦૦ | ૮૭૦ |
| વટાણા | ૬૪૫ | ૧૫૦૦ |
| રાજમા | ૧૦૦૦ | ૧૨૪૫ |

## શબ્દ સંજોગ-૨૧૧૧



**આડી ચાવી :**
(૧) કમનસીબ (૩)
(૩) તાવ (૨)
(૫) અતિ.....તે પાપનું મૂળ (૨)
(૬) ...હોય તો માળવે જવાય (૨)
(૭) જહાજ ભાંગવાનો ઉદ્યોગ આ સ્થળે (૩)
(૮) સુસંગત, અનુરૂપ (૩)
(૯) માપ વિનાનું (૩)
(૧૨) પૂછપરછ (૪)
(૧૩) લોકોમાં પ્રચલિત એવુ ગીત (૪)
(૧૫) લીન, મગ્ન (૨)
(૧૭) રાહ, ડગર (૨)
(૧૯) પાણી, જળ (૨)
(૨૦) જમીન, ધરતી (૨)
(૨૧) સરખામણીમાં, તુલનામાં (૨)
(૨૨) ......ગૂંથણ (૩)
(૨૪) એક ચોઘડિયું (૨)
(૨૬) નડતર, પીડા (૩)
(૨૭) ડોસી (૩)

**ઉભી ચાવી :**
(૧) વ્યર્થ, નકામુ (૩)
(૨) સોળે સાનને વીસે... (૨)
(૩) પ્રકાશમાન, ઝળહળતુ (૩)
(૪) નાડી, શિરા (૨)
(૫) નદી આપણી..કહેવાય છે (૪)
(૭) અસંખ્ય (૪)
(૯) તંગી, તાણ (૩)
(૧૦) પછાડવુ તે (૪)
(૧૧) હોકારો, બૂમ (૨)
(૧૨) પૂરેપૂરુ, સંપૂર્ણ (૨)
(૧૩) લોખંડ (૨)
(૧૪) એક શિકારી પક્ષી (૨)
(૧૬) વાળ્યો ને...! (૪)
(૧૭) પવન, હવા (૩)
(૧૮) ગાદી, તકિયાની ખોલ (૩)
(૧૯) ગગન, આકાશ (૨)
(૨૩) લાગ, મોકો (૨)
(૨૫) માના પેટમાં રહેલુ જીવનું રૂપ (૨)

## શબ્દ સંજોગ-૨૧૧૦ જવાબ

**આડી ચાવી:** (૧) પરમ (૩) મકર (૬) ગરજ (૭) મનન (૯) ડીનર (૧૦) લઅબી(અબીલ) (૧૨) ને (૧૩) જી (૧૪) વરખ (૧૬) મૂરખ (૧૯) મનન (૨૦) માકડ(કમાડ) (૨૨) શરણ (૨૪) બરકત (૨૫) રાજ (૨૬) જલેબી (૨૭) કબીર (૨૮) ટન.
**ઉભી ચાવી:** (૧) પકોડી (૨) મગર (૩) મજબ (૪) રકાબી (૫) કનક (૯) નજર (૧૧) અગર (૧૪) વપશરા (વપરાશ) (૧૫) ખમણ (૧૬) મૂન (૧૭) ખમાર (૧૮) લડત (૨૧) કકળાટ (૨૩) રજક (૨૪) બબીતા (૨૬) જર.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# પીએમ મોદી જાન્યુઆરી મહિનામાં ગુજરાત આવશે, સૌરાષ્ટ્રવાસીઓને મોટી ભેટ મળવાની આશા

ગાંધીનગર,તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી જાન્યુઆરીમાં રાજકોટના પ્રવાસે આવી રહ્યા છે. આ મુલાકાત માત્ર પ્રોટોકોલ સુધી સીમિત નહીં રહે, પરંતુ સૌરાષ્ટ્ર માટેના મોટા આર્થિક અને વિકાસકર્તા નિર્ણયોનું મંચ બનશે એવી ચર્ચા રાજ્ય તંત્રમાં ચાલી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, વડાપ્રધાન મોદી રાજકોટમાં થનારી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું ઉદ્‌ઘાટન કરશે અને સાથે એક ભવ્ય મેગા રોડ શો પણ યોજવાની સંભાવના છે. તંત્રે આ કાર્યક્રમ માટે પહેલેથી જ તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. રાજકોટમાં યોજાનારી આ રિજનલ વાયબ્રન્ટ સમિટ ત્રણ દિવસ સુધી ચાલશે. રાજ્યના ઔદ્યોગિક ક્ષેત્રને નવા માર્ગો પર લઈ જવા માટે આ સમિટને અત્યંત મહત્વની માનવામાં આવી રહી છે. દેશ–વિદેશના અગ્રણી ઉદ્યોગપતિઓ, ઈન્વેસ્ટરો અને કારોબારી જૂથો આ સમિટમાં જોડાશે. સમિટ દરમિયાન રોકાણ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, મેન્યુફેક્ચરિંગ,



એમએસએમઈ અને એક્સપોર્ટ્સ સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા થશે. વડાપ્રધાન મોદી સમિટના ઉદ્‌ઘાટન સત્ર બાદ ઉદ્યોગપતિઓ સાથે વિશેષ ઈન્ટરએક્શન સેશનમાં ભાગ લેશે, જ્યાં રાજ્યમાં નવા રોકાણને આકર્ષવા માટે માર્ગદર્શન આપશે. સૂત્રોનું કહેવું છે કે પીએમનો કાર્યક્રમ માત્ર કોન્ફરન્સ પૂરતો સીમિત નહીં રહે. "રાજકોટમાં એક મેગા લેવલનો રોડ શો યોજાય તેવી પૂરી શક્યતા છે," તંત્રના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું. રોડ શોની રૂટ ડિઝાઈન, સુરક્ષા, ભીડ વ્યવસ્થાપન અને કાર્યક્રમના સ્થળોને લઈને શહેર પોલીસ, કલેક્ટર ઓફિસ અને મ્યુનિસિપલ તંત્ર વચ્ચે સતત મિટિંગો ચાલી રહી છે.

# ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં કેબિનેટની બેઠક મળી : ખેડૂતો, વેપારીઓ, નાગરિકોના મૂદ્દા પર ચર્ચા કરાઈ

**રાજ્યની ૧૪ જનરલ હોસ્પિટલમાં રેનબસેરા બનાવવા માટે કેબિનેટની મંજૂરી**

ગાંધીનગર,તા.૧૦

ગાંધીનગરમાં મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં કેબિનેટની મહત્વપૂર્ણ બેઠક મળી હતી. જેમાં રાજ્યના ખેડૂતો, વેપારીઓ અને નાગરિકોને અસર કરતા અનેક મહત્વના મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી, ત્યારે કેબિનેટ બેઠક બાદ સરકારના મહત્ત્વના અને ઐતિહાસિક નિર્ણયો અંગે માહિતી આપતા પ્રવકતા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે GRTT ઓફિસના ઉદ્‌ઘાટન અંગે ખાસ સમીક્ષા કરી છે. રાજ્યના ઉત્તર, મધ્ય, દક્ષિણ, સૌરાષ્ટ્ર અને દરિયાઈ વિસ્તાર માટે રીજનલ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. જિલ્લાની જરૂરિયાતોને અનુરૂપ ઝોનલ અધિકારીઓની



પણ નિમણૂક થઈ છે. જે વિકાસ સંબંધિત કામગીરીનું મોનિટરિંગ કરશે. રાજ્યની ૧૪ જનરલ હોસ્પિટલમાં રેનબસેરા બનાવવા માટે કેબિનેટમાં જમીન આપવા મંજૂરી આપાઈ છે અને સેવાદાન ફાઉન્ડેશન દ્વારા આ રેનબસેરા બનાવવામાં આવશે. શિક્ષણની ગુણવત્તા સુધારવા CMએ મુખ્ય સચિવને સ્પષ્ટ સૂચનાઓ આપી હોવાનું વાઘાણીએ જણાવ્યું હતું કે, આવનારા બજેટ માટે નવી યોજનાઓ અને નીતિઓનો સમાવેશ કરવા ચર્ચા થઈ. કોણપણ વિભાગની પોલિસી પૂરી થાય ત્યારે માત્ર ૬ મહિનામાં નવી પોલિસી તૈયાર કરવાની સૂચના વિભાગના વડાઓને આપવામાં આવી છે.

# સા.કુંડલામાં આજે સાર્વજનિક દવાખાનામાં રાહત દરે હોમિયોપેથિક સારવાર કેમ્પ યોજાશે

**રાજકોટના હોમિયોપેથી કન્સલ્ટન્ટ ડો. અમી પાંધી રાહત દરે સેવા આપશે**

સાવરકુંડલા,તા.૧૦

સાવરકુંડલાના વૈદકીય રાહત મંડળ સંચાલિત શેઠ શેરી ખાતેના સાર્વજનિક દવાખાનામાં રાહત દરે દાંતના રોગોની સારવાર કરવામાં આવી રહી છે. જયારે જૂના અને હઠીલા રોગોની સારવાર માટે દર મહિને એક દિવસ હોમિયોપેથિક કેમ્પ પણ શરૂ કરવામાં આવ્યો છે. આ વિભાગમાં દર મહિને એક દિવસ રાજકોટથી હોમિયોપેથિક કન્સલ્ટન્ટ ડોક્ટર અમી પાંધી રાહત દરે સેવા પૂરી પાડે છે, આ હોમિયોપેથિક કેમ્પ આજે ૧૧-૧૨-૨૫ને ગુરુવારે યોજાશે. જેમાં જુના હઠીલા દર્દ, ચામડી, એલર્જીથી થતા, શ્વસનતંત્રના, માનસિક, મહિલાઓને લગતા દર્દો, એસિડિટી, કપાસી વગેરે દર્દોની આડઅસર રહિત અક્સીર સારવાર કરવામાં આવશે. આ કેમ્પનો લાભ લેવા સાર્વજનિક દવાખાનાની યાદીમાં જણાવાયું છે.

# ગીર સોમનાથના મોરાસા ગામે સગા ભાઈએ ભાઈને લાકડાના ધોકા મારી મોતને ઘાટ ઉતાર્યો

ગીરસોમનાથ,તા.૧૦

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગઈકાલે મોડી રાત્રે એક ભાઈ દ્વારા ભાઈની હત્યાનો હચમચાવતો કિસ્સો સામે આવ્યો છે. ગત મોડી રાતે બે સગા ભાઈઓમાં એક મોટા ભાઈએ તેના નાના ભાઈને લાકડાના ધોકા વડે માર મારી મોતને ઘાટ ઉતારી દીધો છે, જે બનાવ બાદ સમગ્ર પંથકમાં હાહાકાર મચી જતા પોલીસ પણ ઘટના સ્થળે તાત્કાલિક દોડી ગઈ હતી અને હત્યારા ભાઈની ધરપકડ કરી આ મામલે વધુ તપાસ હાથ ધર છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગઈકાલે મોડીરાતે ગીર સોમનાથ સુત્રાપાડાના મોરાસા ગામમાં આ હત્યાનો બનાવ બન્યો છે, જ્યાં મોટા ફળિયા વિસ્તારમાં રહેતા બે સગા ભાઈમાંથી મોટો ભાઈ નામે હિતેશ રાઠોડ રાતના સમયે અચાનક નાના ભાઈ અજીતસિંહ રાઠોડ પાસે આવી પહોંચ્યો હતો અને તૂંતૂં મેમે સર્જાતા બંને વચ્ચે અથડામણ સર્જાઈ



હતી. જે બાદ મોટા ભાઈ હિતેશ રાઠોડે લાકડાના ધોકા ફટકારી નાના ભાઈ અજીતસિંહ રાઠોડને મોતને ઘાટ ઉતારી દીધો હતો. ઘટના દરમિયાન ચીસો અને બુમોનો અવાજ સંભળાતા આસપાસના લોકો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા, જ્યાં ઘરનું દ્રશ્ય જોતા જ બધા સ્પબ્ધ થઈ ગયા હતા. કારણ કે અજીતસિંહ રાઠોડ લોહીથી લથપથ હાલતમાં નીચે પડ્યો હતો અને આખું ઘર લોહીથી લાલ રંગે રંગાઈ ગયેલું હતું, જે બાદ સ્થાનિકોએ તાત્કાલિક પોલીસને જાણ કરતા પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને તપાસ શરૂ કરી હતી.

# દ્વારકામાં ટાટા કેમિકલ્સના પ્રદૂષણને કારણે ખેતરો, દરિયાઈ જીવસૃષ્ટિને નુકસાનના આક્ષેપ

દ્વારકા,તા.૧૦

ટાટા કેમિકલ્સ લિમિટેડ મારફતે દેવભૂમિ દ્વારકાના મીઠાપુર ખાતે મીઠુ, સોડા અને સિમેન્ટના ઉત્પાદનને લઈને ઝેરી ઘન અને પ્રવાહી કચરો નીકળે છે. આ કચરાનો નિકાલ સમુદ્રમાં કરાતો હોવાની લાંબા સમયથી ફરિયાદને લઈને ચકચાર મચી છે. આ પ્રદૂષણને લઈને આસપાસના આરંભડા, ભીમરાણા અને સૂરજકરાળી જેવા ગામોના ખેતરો બંજર બની ગયા હોવાનો સ્થાનિક લોકોનો આક્ષેપ છે. તળાવો ઝેરી પાણીથી ભરેલા હોવાથી સમુદ્રી જીવસૃ ષ્ટિને મોટાપાયે નુકસાન પહોંચ્યું છે. બીજી તરફ દેવરામ વાલા ચારણની ફરિયાદને આધારે દ્વારકા પ્રાંત અધિકારી આમોલ આવટેની અધ્યક્ષતામાં ટીડીઓ, મામલતદાર, રેન્જ ફોરેસ્ટ ઓફિસર, ચીફ ઓફિસર, ફીશરીઝ અધિકારી, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓ અને ખેતીવાડી અધિકારી સહિતની ટીમે મીઠાપુરના ટાટા કેમિકલ્સની મુલાકાત લીધી હતી. આ ટીમે સોલિડ વેસ્ટ સમુદ્રમાં નાંખવામાં આવે છે તે અને દેવપરાના રહેણાંક વિસ્તારની મુલાકાત લીધી હતી.

# કોડીનાર સોરઠીયા વાણંદ સમાજના ૧૫મા સમૂહ લગ્નોત્સવમાં ૬ યુગલોએ પ્રભુતામાં પગલાં માંડ્યા

કોડીનાર, તા.૧૦

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર ખાતે સમસ્ત સોરઠીયા વાણંદ સમાજ દ્વારા આયોજિત ૧૫મો ભવ્ય સમૂહ લગ્નોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. આ સમૂહ લગ્નોત્સવમાં તારીખ ૬ ડિસેમ્બર, ૨૦૨૫ (શનિવારે), ૬ દીકરા અને ૬ દીકરીઓ સહિત કુલ ૬ નવયુગલોએ પ્રભુતામાં પગલાં માંડીને નવા દાંપત્યજીવનનો પ્રારંભ



કર્યો હતો. શ્રી લીંબોચ માતાજી અને શ્રી શેન મહારાજની પ્રેરણાથી તેમજ ઉદાર દાતાઓ અને જ્ઞાતિબંધુઓના સહકારથી કોડીનાર તાલુકા સમસ્ત સોરઠીયા વાણંદ સમાજ દ્વારા આ ૧૫મો સમૂહ લગ્નોત્સવ યોજવામાં આવ્યો હતો. શ્રી વિહોત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી ભક્તિ શૈક્ષણિક સ્કૂલ, કડવાસણના મેદાન ખાતે આ પાવન પ્રસંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શુભ પ્રસંગે કેબિનેટ મંત્રી ડોક્ટર પ્રદ્યુમનભાઈ વાજા, કોડીનાર નગરપાલિકાના પ્રમુખ શિવાભાઈ સોલંકી, કોડીનાર નગરપાલિકાના સભ્ય નરેશભાઈ ડાભી અને કોડીનાર કી આવાઝના જે.કે. મેર સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# મજેવડીના દેવતણખી ધામ ખાતે પિત્રોડા પરિવારનો પ્રથમ સ્નેહમિલન સમારોહ ભવ્ય રીતે સંપન્ન

ધોરાજી,તા.૧૦

મજેવડી સ્થિત દેવતણખી ધામ ખાતે પિત્રોડા પરિવાર દ્વારા આયોજિત પ્રથમ સ્નેહમિલન સમારોહ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ૨૪ અટક ધરાવતા લુહાર સમાજને એક તાંતણે જોડવાનો અને સમગ્ર વિશ્વમાં વસતા પિત્રોડા પરિવારને એકજૂથ કરી ભાઈચારા અને એકતાની ભાવના કેળવવાનો હતો.



તસવીર : નયન ફુહાડીયા

આ સ્નેહમિલન સમારોહમાં લુહાર-સુથાર સમાજના વિવિધ મંડળના ટ્રસ્ટીઓ, લુહાર કુળના અભિન્ન અંગ સમાન કાર્યરત ટ્રસ્ટના પ્રતિનિધિઓ તેમજ લુહાર કુળની ચારેય ધાર્મિક સંસ્થાના ટ્રસ્ટીઓ અને સ્થાનિક જ્ઞાતિજનોને ખાસ આમંત્રિત કરવામાં આવ્યા હતા. ગોંડલના રાજેશભાઈ પિત્રોડાના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ સમારોહની શરૂઆત ઈષ્ટદેવ વિશ્વકર્મા દાદાના દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. આ તકે બહારથી પધારેલ આમંત્રિત મહેમાનોને ઉમળકાભેર આવકાર આપવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં આમંત્રિત મહેમાનોને મંચસ્થ કરાવી તેમનું પુષ્પગુચ્છ અને ખેસ ઓઢાડીને વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

# કોડીનાર-વડોદરા બસમાં ખોવાયેલ સોનાની નથ ઈમાનદારીપૂર્વક પરત અપાઈ

કોડીનાર, તા.૧૦

કોડીનારથી વડોદરા જતી એસ.ટી. બસ (નં. ૨૫૯૦) માં મુસાફરી દરમ્યાન એક મુસાફર યુવતીની સોનાની નથ ખોવાઈ જવાની ઘટના સામે આવી હતી. ભાવનગરથી વડોદરા પહોંચેલી મુસાફર રુતુબેનનું આ કિંમતી આભૂષણ બસમાં ગાયબ થયું હતું. બસના કન્ડક્ટર જયસુખ ચાવડા અને ડ્રાઈવર ગીગાભાઈને બસની સફાઈ દરમ્યાન નથ મળતા તેમણે તરત જ મુસાફર રુતુબેનનો સંપર્ક સાધ્યો. મુસાફરનો સંપર્ક મળતા બંનેએ કોઈ પણ લોકલાખા વિના સોનાની નથ ઈમાનદારીપૂર્વક પરત કરી માનવતા અને ફરજની ભાવના દાખવી



તસવીર : ધર્મેશ પાઠક

હતી. કન્ડક્ટર અને ડ્રાઈવરની આ ઈમાનદારીના કૃત્યની મુસાફર રુતુબેન તથા સહમુસાફરો દ્વારા પ્રશંસા થઈ રહી છે.

# ગીરગઢડા-ફરેડા રોડ પર સિંહણ ૬ સિંહબાળ સાથે કેમેરામાં કેદ

ઉના,તા.૧૦



ગીરગઢડા-ફરેડા રોડ પર ગૌશાળા અને ગેબનશાપીર દરગાહ વચ્ચેના પુલ પર વહેલી સવારે એક અદ્‌ભુત દશ્ય સર્જાયું હતું. એક સિંહણ તેના છ બચ્ચાં સાથે રોડ પર શાહી લટાર મારતી જોવા મળી હતી, જેને પગલે રોડ પરથી પસાર થતા વાહનો થંભી ગયા હતા. આ આહલાદક દશ્યો વાહનચાલકોએ પોતાના મોબાઈલના કેમેરામાં કેદ કર્યા હતા. આ સિંહ પરિવાર ફરેડા ગામ તરફ આગળ વધી રહ્યો હતો. આ દશ્યો જોઈને પ્રકૃતિપ્રેમીઓ અને સ્થાનિકોમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી.

# કોડીનાર-ઉના હાઈવે પરથી ઝડપાયેલ માંસ ગાય અને ભેંસનું હોવાનું ખુલ્યુ

કોડનાર,તા.૧૦

કોડીનાર-ઉના હાઈવે પર થોડા દિવસ અગાઉ પકડાયેલ શંકાસ્પદ બોલેરોમાંથી મળેલા માંસના નમૂનાના લેબ રિપોર્ટમાં ગૌમાસના અંશો હોવાનું સામે આવ્યું છે. આ મામલે પોલીસે કુલ ૭ આરોપીઓની ધરપકડ કરી છે. સ્થાનિક યુવકો દ્વારા શંકાના આધારે રોકવામાં આવેલ આ બોલેરોને કોડીનાર પોલીસે કસ્ટડીમાં લીધી હતી. પોલીસે વાહનમાં ભરેલા માંસના નમૂના તપાસ માટે લેબોરેટરીમાં મોકલ્યા હતા. લેબ પરીક્ષણમાં પુષ્ટિ



થઈ છે કે કોથળામાં ભરાયેલું માંસ ભેંસ અને ગૌમાસના અંશો ધરાવતું હતું. આ ખુલાસા બાદ પોલીસ તંત્ર સક્રિય બન્યું અને માંસની ગેરકાયદે હેરાફેરીમાં સંડોવાયેલા શખ્સોની ઓળખ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

# ખેલ મહાકુંભમાં જિલ્લા કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં કોડીનારની સોમનાથ એકેડેમીનો દબદબો

કોડીનાર,તા.૧૦



તારીખ ૨૮/૧૧/૨૦૨૫ ના રોજ સોમનાથ એકેડેમી મુકામે યોજાયેલ ખેલ મહાકુંભ જિલ્લા કક્ષાની કબડ્ડી સ્પર્ધા (ભાઈઓ ૨૦૨૫/૨૬) માં ડી.એલ.એસ.એસ. (DLSS) સોમનાથ એકેડેમી, કોડીનારના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. આ સ્પર્ધામાં અંડર-૧૭ (U-૧૭) વયજૂથમાં સોમનાથ એકેડેમીની ટીમ-A અને ટીમ-B એમ બે ટીમોએ ભાગ લીધો હતો. કોડીનાર તાલુકાની વિવિધ શાળાઓમાંથી ઘણા ખેલાડીઓ આ સ્પર્ધામાં જોડાયા હતા, જે વચ્ચે સોમનાથ એકેડેમીના વિદ્યાર્થીઓએ ખરાખરીની રમત દર્શાવી હતી. અંતિમ પરિણામોમાં સોમનાથ એકેડેમીની ટીમ-A એ શાનદાર રમત દાખવી ગીર સોમનાથ જિલ્લામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો, જ્યારે ટીમ-B એ તૃતીય ક્રમાંક મેળવીને શાળાનું નામ રોશન કર્યું છે.

# ગીર સોમનાથમાં રવિ સિઝન માટે ૮૧૫૦ મે.ટન યુરિયા ખાતરનો જથ્થો સપ્લાય કરાયો

ગીર સોમનાથ,તા.૧૦

ગીર સોમનાથ જિલ્લામાં ચાલુ રવિ સિઝનમાં અંદાજીત ૮૦,૧૬૦ હેક્ટર વિસ્તારમાં રવિ પાકોનું વાવેતર થયું છે અને હાલ વાવેતર ચાલુ છે. જેમાં મુખ્યત્વે ઘઉં, ચણા, ધાણા, શેરડી, ડુંગળી અને ઘાસચારા જેવા પાકોનો સમાવેશ થાય છે. ખેડૂતોને પૂરતા પ્રમાણમાં યુરિયા ખાતર મળી રહે તે માટે તંત્ર દ્વારા નિયમિત વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ચાલુ રવિ સિઝનમાં તા. ૧-૧૦-૨૦૨૫ થી ૦૯-૧૨-૨૦૨૫ સુધીમાં જિલ્લાના તમામ તાલુકાઓમાં જુદા-જુદા વિક્રેતાઓને ત્યાં કુલ ૮,૧૫૦ મેટ્રિક ટન (૧,૮૧,૧૧૧ બેગ) યુરિયા ખાતરનો જથ્થો સપ્લાય કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ચાલુ મહિનામાં વધુ ૮,૪૦૦ મેટ્રિક ટન યુરિયા ખાતર સપ્લાય થાય તેવું આયોજન કરવામાં આવ્યું છે. નાયબ ખેતી નિયામક (વિસ્તરણ)- ગીર સોમનાથની યાદીમાં જણાવ્યા મુજબ, જિલ્લામાં યુરિયા ખાતરનો પુરવઠો અવિરત ચાલુ રહેશે. તેથી ખેડૂતોએ ખાતર નહીં મળે તેવી ખોટી અફવાઓ પર ધ્યાન ન આપવું, બિનજરૂરી સંગ્રહ ન કરવો અને જરૂરિયાત પૂરતું જ ખાતર ખરીદવા અનુરોધ કરવામાં આવ્યો છે. વધુમાં, કોડીનાર તાલુકાના અડવી ગામે ડી.એ.પી. ખાતરમાં કાળી કાંકરી નીકળવાના સમાચાર પ્રસિદ્ધ થયા હતા. આ અંગે સંબંધિત અધિકારીઓ દ્વારા તપાસ કરી ખાતરના નમૂનાઓ લઈ સરકાર માન્ય લેબોરેટરીમાં પૃથ્થકરણ કરાવવામાં


**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નંબર. ૧૮૫/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી જગાભાઈ ગુણાભાઈ વાઘમશી
સરનામું :- મુ. કીકરીયા, તા.મહુવા, જી.ભાવનગર

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - માંડળ, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાના કીકરીયા મુકામે ના શ્રી જગાભાઈ ગુણાભાઈ વાઘમશી એ તેમના પુત્રી નામે શ્રી વાઘમશી આલ્પાબેન જગાભાઈ નો જન્મ તા.૧૫/૦૭/૧૯૯૭ ના રોજ રાજુલા તાલુકાના માંડળ મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એચ.બી.જાલોંધરા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૩૦ માહે. ઓક્ટોમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા. ૩૦/૧૦/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા



**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નંબર. ૧૬૧/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી જેરામભાઈ ભીમાભાઈ જાળોધરા
સરનામું :- મુ.કડીયાળી, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - કડીયાળી, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના કડીયાળી મુકામે ના શ્રી જેરામભાઈ ભીમાભાઈ જાળોધરા એ તેમની માતા નામે સ્વ.અમ્રતબેન ભીમાભાઈ જાળોધરા નું મરણ તા.૧૧/૦૫/૨૦૦૦ ના રોજ રાજુલા તાલુકાના કડીયાળી મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એચ.બી.જાલંધરા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૩૦ માહે. ઓક્ટોમ્બાર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા. ૩૦/૧૦/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

# એમેઝોન ૨૦૩૦ સુધીમાં ભારતમાં ૩.૧૪ લાખ કરોડનું રોકાણ કરે તેવી સંભાવના

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૦

ઈ-કોમર્સ જાયન્ટ એમેઝોન ૨૦૩૦ સુધીમાં ભારતમાં તેના તમામ બિઝનેસ સેગમેન્ટમાં ૩૫ બિલિયન (આશરે ૩.૧૪ લાખ કરોડ)નું જંગી રોકાણ કરવાની યોજના ધરાવે છે. આ જાહેરાત કંપનીના એમેઝોન સંભાવના સમિટ દરમિયાન કરવામાં આવી હતી. એમેઝોનના ઈમર્જિંગ માર્કેટ્સના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અમિત અગ્રવાલે જણાવ્યું હતું કે કંપની AI-આધારિત ડિજિટાઈઝેશન, નિકાસને વેગ આપવા અને ભારતમાં રોજગાર સર્જન પર ધ્યાન કેન્દ્રિત કરશે. અગ્રવાલના મતે, એમેઝોન તેના પ્લેટફોર્મ દ્વારા ભારતમાંથી નિકાસને વર્તમાન ૨૦ બિલિયનથી વધારીને ૮૦ બિલિયન કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. કંપની ૨૦૩૦ સુધીમાં ૧૦ લાખ વધારાની નોકરીઓનું સર્જન કરવાનો પણ લક્ષ્ય ધરાવે



છે, જેમાં પ્રત્યક્ષ, પરોક્ષ, મોસમી અને પ્રેરિત રોજગારનો સમાવેશ થાય છે. તેમણે સમજાવ્યું કે એમેઝોને ૨૦૧૦ થી ભારતમાં ૪૦ બિલિયનનું રોકાણ કર્યું છે. જાહેરમાં ઉપલબ્ધ ડેટામાંથી સંકલિત કીસ્ટોન રિપોર્ટ અનુસાર, તે ભારતમાં સૌથી મોટો વિદેશી રોકાણકાર છે.

અગ્રવાલે સમજાવ્યું કે મે ૨૦૨૩ માં, એમેઝોને તેલંગાણા અને મહારાષ્ટ્રમાં તેના સ્થાનિક ક્લાઉડ અને એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ૨૦૩૦ સુધીમાં ભારતમાં ૧૨.૭ બિલિયનનું રોકાણ કરવાની યોજનાની જાહેરાત કરી હતી.

# ડિસેમ્બરના પ્રથમ અઠવાડિયામાં ઈન્ડિગોની ૫૦૦૦ ફ્લાઈટ્સ રદ થતા હજારો મુસાફરો પરેશાન

નવીદિલ્હી,તા.૧૦

દેશની સૌથી મોટી એરલાઈન, ઈન્ડિગો પર સંકટનો એક નવો તબક્કો આવી રહ્યો છે. ડિસેમ્બરમાં જ ૫,૦૦૦ થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી અને હજારો મુસાફરો એરપોર્ટ પર ફસાયા હતા, ત્યારબાદ કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા હવે એરલાઈન સામે એન્ટિટ્રસ્ટ તપાસ કરવાનું વિચારી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ તપાસનો હેતુ એ નક્કી કરવાનો હોઈ શકે છે કે શું ઈન્ડિગોએ તેના બજાર પ્રભુત્વનો દુરુપયોગ કર્યો હતો અને મુસાફરોની સેવાઓમાં વિક્ષેપ પાડ્યો હતો કે અન્યાયી શરતો લાદી હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા આ બાબત પર નજીકથી નજર રાખી રહ્યું છે અને ટૂંક સમયમાં નક્કી કરશે કે તેના



અધિકારક્ષેત્ર હેઠળ આવતા મામલાઓની તપાસ શરૂ કરવી કે નહીં. દરમિયાન, ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન કટોકટીની વ્યાપક તપાસનું નેતૃત્વ કરી રહ્યું છે.

ઈન્ડિગો, જે સ્થાનિક એરલાઈન બજારના આશરે ૬૫% હિસ્સો નિયંત્રિત કરે છે, તેને પાઈલટ્સ માટે નવા છૂટછાટ નિયમો યોગ્ય રીતે લાગુ કરવામાં અસમર્થતાને કારણે ક્રૂની ભારે અછતનો સામનો કરવો પડ્યો. આના પરિણામે ડિસેમ્બરના પ્રથમ અઠવાડિયામાં ૫,૦૦૦ થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી.

# છોકરીઓ વિશે કરવામાં આવેલી અભદ્ર ટિપ્પણી બદલ અનિરુદ્ધાચાર્ય સામે કેસ નોંધાશે

(એચ.એસ.એલ),મથુરા,તા.૧૦

અનિરુદ્ધાચાર્યની છોકરીઓ વિશે કરવામાં આવેલી અભદ્ર ટિપ્પણીના સંદર્ભમાં મુશ્કેલીઓ વધી ગઈ છે. મથુરાની સીજેએમ કોર્ટે એક અરજીની સુનાવણી કરતી વખતે અનિરુદ્ધાચાર્ય સામે ફરિયાદ (પરિવાર) દાખલ કરી છે. હવે, આ મામલે તેમની સામે કેસ દાખલ કરવામાં આવશે. આ કેસની આગામી સુનાવણી જાન્યુઆરી ૨૦૨૫ માં થશે, જ્યાં નિવેદનો નોંધવામાં આવશે. થોડા મહિના પહેલા, અનિરુદ્ધાચાર્યએ છોકરીઓના ચારિત્ર્ય વિશે વાંધાજનક ટિપ્પણી કરી હતી.

ઓક્ટોબરમાં, અખિલ ભારત હિન્દુ મહાસભા (અખિલ ભારતીય હિન્દુ મહાસભા) ના જિલ્લા પ્રમુખ મીરા રાઠોડે, વાર્તાકાર અનિરુદ્ધાચાર્ય દ્વારા છોકરીઓ વિશે કરવામાં આવેલી અભદ્ર ટિપ્પણી અંગે ભારતના મુખ્ય ન્યાયાધીશ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. સુનાવણી દરમિયાન, મુખ્ય ન્યાયાધીશે અરજી સ્વીકારી હતી.

# મહારાષ્ટ્ર સરકારની લડકી બહેન યોજનામાં રૂ.૨૧ કરોડની છેતરપિંડી : ગેરકાયદેસર લાભ લેનારા સામે કાર્યવાહી થશે

નાગપુર,તા.૧૦

મહારાષ્ટ્ર સરકારની મહત્વાકાંક્ષી લડકી બહેન યોજનામાં ૨૧ કરોડ રૂપિયાની છેતરપિંડી અને અનિયમિતતાઓ મળી આવી છે. વિધાન પરિષદમાં, મહિલા અને બાળ કલ્યાણ મંત્રી અદિતિ તટકરેએ સ્વીકાર્યું કે અનિયમિતતાઓ થઈ છે. સરકારી કર્મચારીઓ અને આ યોજનાનો ગેરકાયદેસર રીતે લાભ લેનારા પુરુષો સામે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. ચૂકવવામાં આવેલા પૈસા પણ વસૂલ કરવામાં આવશે. મહારાષ્ટ્ર સરકારે લાડલી બહેન યોજનાના મહિલા લાભાર્થીઓને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં તેમના **e-KYC** પૂર્ણ કરવાનો નિર્દેશ આપ્યો છે. ડૉ. પ્રજ્ઞા સાતવ, સતેજ ઉર્ફે બંટી પાટિલ અને અશોક જગતાપ સહિત ૧૫ ધારાસભ્યોએ વિધાન પરિષદમાં પ્રશ્નો ઉઠાવ્યા. તેમણે મહિલા અને બાળ વિકાસ



વિભાગની ટીકા કરતા કહ્યું કે ૨.૬૩૪ મિલિયન મહિલાઓ આ યોજના માટે અયોગ્ય હોવાનું જાણવા મળ્યું છે, અને ૧૪,૨૯૮ પુરુષોએ તેનો લાભ લીધો છે, જેના કારણે સરકારને આશરે ૨૧૪.૪ મિલિયનનું નુકસાન થયું છે. વધુમાં, શું એ સાચું છે કે છેલ્લા ૧૦ મહિનામાં ૯,૫૨૬ મહિલા સરકારી કર્મચારીઓએ ગેરકાયદેસર રીતે ૧૪.૫૦ કરોડ મેળવ્યા છે? આ આરોપો અંગે, મહિલા અને બાળ વિકાસ મંત્રી અદિતિ તટકરેએ ગૃહમાં સ્વીકાર્યું કે તેમાં મોટા પ્રમાણમાં સત્ય છે.

# લાલુ સહિતના આરોપીઓ સામે વિશેષ કોર્ટ દરરોજ ઘાસચારા કૌભાંડના કેસની સુનાવણી કરશે

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૦

ચારા કૌભાંડના કેસની સુનાવણી હવે દરરોજ થશે. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનની વિશેષ કોર્ટ આજથી દરરોજ ઘાસચારા કૌભાંડના કેસની સુનાવણી કરશે. સુપ્રીમ કોર્ટે જૂના કેસોનો ઝડપી નિકાલ કરવાનો નિર્દેશ આપ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ બાબતને ધ્યાનમાં રાખીને, સીબીઆઈ સ્પેશિયલ કોર્ટના જજ રાકેશ કુમારે આ આદેશ જારી કર્યો. હવે, આ કેસના તમામ આરોપીઓને નિર્ધારિત તારીખે કોર્ટમાં હાજર રહેવું પડશે. રાષ્ટ્રીય જનતા દળના સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવ, અનેક તત્કાલીન મંત્રીઓ, ધારાસભ્યો અને **IAS** અધિકારીઓ આ કેસમાં આરોપી છે. એવું અહેવાલ છે કે ૧૯૯૬ માં, ભાગલપુરના બાંકા સબ-ડિસ્ટ્રિક્ટ ટ્રેઝરીમાંથી પશુપાલન વિભાગમાં આશરે ૪૫ લાખનો ગેરકાયદેસર ઉપાડ બનાવટી બિલના આધારે બહાર આવ્યો હતો.

# કુખ્યાત નક્સલી કમાન્ડર હિડમાના મોત બાદ, કેન્દ્રીય ગૃહમંત્રી આવતા અઠવાડિયે છત્તીસગઢની મુલાકાત લેશે

રાયપુર,તા.૧૦

અમિત શાહની છત્તીસગઢની મુલાકાતની તૈયારીઓ તેજ થઈ ગઈ છે. નક્સલવાદી કાર્યવાહીમાં કુખ્યાત નક્સલી કમાન્ડર હિડમાના મોત બાદ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતા અઠવાડિયે છત્તીસગઢની મુલાકાત લેશે. આ મુલાકાતને મહત્વપૂર્ણ માનવામાં આવે છે. અમિત શાહ ૧૩ ડિસેમ્બરે બસ્તરમાં પહોંચશે. ત્યાં, તેઓ બસ્તર ઓલિમ્પિક સંબંધિત એક ખાસ કાર્યક્રમમાં ભાગ લેશે. આ કાર્યક્રમ દરમિયાન, તેઓ બસ્તરની સાંસ્કૃતિક ઓળખ અને યુવાનોની ભાગીદારીને પ્રોત્સાહન આપતા કાર્યક્રમોને પણ સંબોધિત કરી શકે છે. આ મુલાકાત દરમિયાન, ગૃહમંત્રી અમિત શાહ સુરક્ષા એજન્સીઓ અને વરિષ્ઠ



અધિકારીઓ સાથે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક કરશે. આ બેઠકમાં તાજેતરના ઓપરેશન્સ, નક્સલવાદી સંગઠનો સાથેની વર્તમાન પરિસ્થિતિ અને ભવિષ્યની વ્યૂહરચનાઓની વિગતવાર ચર્ચા કરવામાં આવશે. અમિત શાહ તાજેતરના સફળ ઓપરેશનનો ભાગ રહેલી સુરક્ષા દળની ટીમો સાથે સીધી વાતચીત કરી શકે છે. આ બેઠક મહત્વપૂર્ણ છે કારણ કે હિડમા લાંબા સમયથી સુરક્ષા દળો દ્વારા મોસ્ટ વોન્ટેડ નક્સલી કમાન્ડરોમાં સૂચિબદ્ધ હતો.

# ઈન્ડિગોના સંકટને લઈ હાઈકોર્ટનો કેન્દ્રને સવાલ અન્ય એરલાઈન્સના ભાડા કઈ રીતે વધ્યા?

ન્યુ દિલ્હી,તા.૧૦

ઈન્ડિગો સંકટને લઈને બુધવારે દિલ્હી હાઈકોર્ટે કેન્દ્રને સવાલ પૂછ્યો કે ટિકિટની કિંમતો ૪-૫ હજાર રૂપિયાથી વધીને રૂ.૩૦,૦૦૦ સુધી કેવી રીતે પહોંચી ગઈ અને અન્ય એરલાઈન્સે તેનો ફાયદો કેવી રીતે ઉઠાવ્યો હતો. મુખ્ય ન્યાયાધીશ દેવેન્દ્ર કુમાર ઉપાધ્યાય અને જસ્ટિસ તુષાર રાવ ગેદેલાની



ડિવિઝન બેન્ચ જનહિત અરજી (**PIL**) પર સુનાવણી કરી રહી હતી. અરજીમાં માગ કરવામાં આવી હતી કે ઈન્ડિગો સંકટની સ્વતંત્ર ન્યાયિક તપાસ કરવામાં આવે અને જે લોકોની ફ્લાઈટ રદ થઈ અથવા જેઓ એરપોર્ટ પર ફસાયા તેમને વળતર આપવામાં આવે. આ દરમિયાન કોર્ટે કહ્યું કે આ ફક્ત વ્યક્તિગત યાત્રીઓનો મામલો નથી, પરંતુ તેનાથી આર્થિક નુકસાન પણ થયું છે. સરકારે સુનિશ્ચિત કરવું પડશે કે ભવિષ્યમાં આ પ્રકારની સ્થિતિ ફરીથી ન સર્જાય. અહીં, **DGCA** (નાગરિક ઉડ્ડયન નિયમનકાર)એ ઈન્ડિગોના **CEO** પીટર એલ્બર્સને સમન્સ મોકલ્યું છે.

# તૃણમૂલ કોંગ્રેસના સસ્પેન્ડેડ ધારાસભ્ય હુમાયુ કબીરે એક નવી પાર્ટી બનાવવાની જાહેરાત કરી

(એચ.એસ.એલ),મુર્શીદાબાદ,તા.૧૦

મુર્શીદાબાદમાં બાબરી મસ્જિદના નિર્માણનો શિલાન્યાસ કરનાર રાજ્યના શાસક તૃણમૂલ કોંગ્રેસના સસ્પેન્ડેડ ધારાસભ્ય હુમાયુ કબીરે આ મહિનાના અંતમાં એક નવી પાર્ટી બનાવવાની જાહેરાત કરી છે. કબીરે સંભવિત સાથી અસદુદ્દીન ઓવૈસી સાથેના તેમના ગાઢ સંબંધોનો ઉલ્લેખ કરતા એક





મજાકિયા ટિપ્પણી કરી હતી જે મુખ્યમંત્રી મમતા બેનર્જી માટે ચિંતા પેદા કરી શકે છે. કબીરે જાહેરાત કરી છે કે તેમણે બંગાળની ચૂંટણીમાં એઆઈએમઆઈએમ (ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન)ના વડા અસદુદ્દીન ઓવૈસીના ઉમેદવાર બનવાનું વચન આપ્યું છે. કબીરે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, "મેં ઓવૈસી સાથે વાત કરી છે... ઓવૈસીએ મને વચન આપ્યું છે કે તે હૈદરાબાદનો ઓવૈસી છે અને હું બંગાળનો ઓવૈસી છું.

# રાજ્યમાં 'સર' ઝુંબેશની કામગીરીમાં ૫.૦૮ કરોડ મતદારોની ચકાસણી પૂર્ણતાના આરે

અમદાવાદ,તા.૧૦

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ગત તા. ૨૭ ઓક્ટોબર ૨૦૨૫થી રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલી એસઆઈઆર ઝુંબેશનો ગણતરીનો તબક્કો તા.૧૧ ડિસેમ્બરના રોજ પૂર્ણ થઈ રહ્યો છે. પરંતુ તે પહેલા જ બીએલઓ સ્તરથી લઈને સીઈઓ કચેરી સુધીના સમગ્ર ચૂંટણી સ્ટાફની મહેનત રંગ લાવી છે, જેના પરિણામે ગણતરીના તબક્કાની ૯૯.૯૭% કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. તથા રાજ્યના તમામ ૫.૦૮ કરોડ મતદારોની ચકાસણી પૂર્ણતાના આરે છે. એસઆઈઆરની જાહેરાત બાદથી જ એસઆઈઆર ઝુંબેશ રાજ્યભરમાં ૫.૦૮ કરોડ મતદારોને ગણતરી ફોર્મના વિતરણથી માંડી તેના ડિજીટાઈઝેશનની કામગીરી મિશન મોડ પર કરવામાં આવી રહી છે જે હવે પૂર્ણતના આરે છે.

# દિલ્હી-એનસીઆરની સુરક્ષા માટે સ્વદેશી ડિફેન્સ સિસ્ટમ તહેનાત થશે

ન્યુ દિલ્હી,તા.૧૦

ભારત હવે રાજધાની દિલ્હી-**NCR**ને મિસાઈલો, ડ્રોન અને ફાઈટર જેટ હુમલા જેવા જોખમોથી બચાવવા માટે પોતાની મલ્ટી-લેયર્ડ એર ડિફેન્સ સિસ્ટમ સ્થાપિત કરવા જઈ રહ્યું છે. સંરક્ષણ મંત્રાલય આ પ્રોજેક્ટને ઝડપથી આગળ વધારી રહ્યું છે. વરિષ્ઠ સંરક્ષણ અધિકારીઓ



અનુસાર, નવી ઈન્ટિગ્રેટેડ એર ડિફેન્સ વેપન સિસ્ટમ સંપૂર્ણપણે દેશમાં બનેલા હથિયારોથી તૈયાર થશે. આ સિસ્ટમનો સૌથી મોટો ભાગ **DRDO** દ્વારા બનાવેલી **QRSAM** મિસાઈલ અને **VSHORADS** હશે. આની સાથે અનેક પ્રકારના સેન્સર, રડાર અને એક આધુનિક કંટ્રોલ સિસ્ટમ જોડવામાં આવશે, જેથી દરેક ખતરા પર તરત નજર રાખી શકાય. આ આખી સિસ્ટમ ભારતીય વાયુસેના ઓપરેટ કરશે.

# સરમુખત્યાર કિમ જોંગના કારણે ઉત્તર કોરિયામાં કાગળોની અછત

(એચ.એસ.એલ),કોરિયા,તા.૧૦

ઉત્તર કોરિયા વર્ષોથી કાગળની અછતનો સામનો કરી રહ્યું છે. હવે, તે કાગળ ખતમ થવાના આરે છે. આનું કારણ એ છે કે દેશ અનેક આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો હેઠળ છે. ઉત્તર કોરિયા વૈશ્વિક સ્તરે સંપૂર્ણપણે અલગ પડેલો દેશ છે. આ જ કારણ છે કે તેની પાસે પૂરતી ટેકનોલોજી, કાચા માલ અને ઔદ્યોગિક વિકાસનો અભાવ છે, જેના કારણે કાગળની અછત વધી રહી છે. ડેઈલી સ્ટારના અહેવાલ મુજબ, ઉત્તર કોરિયામાં હવે કાગળ ખતમ થઈ ગયો છે. કિમે પ્રાદેશિક અધિકારીઓને ચેતવણી આપી છે કે કાગળની તીવ્ર અછતને કારણે તેમણે દેશભરમાં કાગળ બનાવતી ફેક્ટરીઓ બનાવવી પડશે. પરિણામે, તેમના પ્રચાર વિભાગે તેનું છાપકામ ઘટાડી દીધું છે, અને સરકાર પાસે નોટો ખતમ થઈ ગઈ છે. ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિમ જોંગ ઉને તેમના અલગ પડેલા દેશમાં વધુ કાગળ બનાવતી



ફેક્ટરીઓ સ્થાપવાનો આદેશ આપ્યો છે. એક નિવેદનમાં, સરમુખત્યારે જણાવ્યું હતું કે તેઓ ખાસ કરીને ખુશ છે કે દેશની પેપર એન્જિનિયરિંગ સંસ્થા પોતાની કાગળ બનાવવાની પદ્ધતિઓ અને ટેકનોલોજી વિકસાવવાની યોજના બનાવી રહી છે, કારણ કે દેશમાં કાગળ ખતમ થવાના આરે છે અને ઓછા અખબારો અને નોટ છાપવામાં આવી રહી છે. પ્રાદેશિક કાગળની માંગને પહોંચી વળવા માટે એક પાયલોટ પ્રોજેક્ટની મુલાકાત દરમિયાન, કિમે કહ્યું કે કોરિયન શૈલીના કાગળ બનાવવાના ઉદ્યોગને વિકસાવવા અને દેશની લાંબા ગાળાની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે તે મહત્વપૂર્ણ છે.

# નાઈજીરીયામાં વિરોધ પ્રદર્શન કરતી મહિલાઓ પર સૈનિકોનો ગોળીબાર : ૯ મોત, ૧૦ ઘાયલ

(એચ.એસ.એલ),અબુજા,તા.૧૦

સેનાએ નાઈજીરીયામાં નરસંહાર કર્યો છે. સૈનિકોએ ઉત્તરપૂર્વીય અદામાવા રાજ્યમાં કોમી અથડામણોનો સામનો કરવા માટે સેના દ્વારા કરવામાં આવેલા વિરોધ પ્રદર્શન કરતી મહિલાઓ પર ગોળીબાર કર્યો છે. ગોળીબારમાં નવ મહિલાઓના મોત થયા છે. સાક્ષીઓ અને પીડિતોના સંબંધીઓએ એસોસિએટેડ પ્રેસને જણાવ્યું હતું કે મહિલાઓ અદામાવાના લામુર્ડે વિસ્તારમાં મુખ્ય રસ્તા પર વિરોધ પ્રદર્શન કરી રહી હતી. જ્યારે સૈનિકોને રોકવામાં આવ્યા, ત્યારે તેઓએ તેમના પર ગોળીબાર કર્યો. ગોળીબારમાં દસ અન્ય લોકો પણ ઘાયલ થયા. તેના નિવેદનમાં, નાઈજીરીયાની સેનાએ કોઈની હત્યા કરવાનો ઈનકાર કર્યો હતો અને સ્થાનિક લશ્કરને દોષી ઠેરવ્યું હતું, જેણે આ વિસ્તારમાં ગોળીબાર કર્યો હોવાનું જણાવ્યું હતું.



એમ્નેસ્ટી ઈન્ટરનેશનલના નાઈજીરીયા કાર્યાલયે જણાવ્યું હતું કે એજન્સીએ પુષ્ટિ આપી હતી કે સૈનિકોએ સાક્ષીઓ અને પીડિતોના પરિવારોના નિવેદનોને ટાંકીને નવ વિરોધીઓને મારી નાખ્યા હતા. નાઈજીરીયામાં આવી હત્યાઓ સામાન્ય છે, જ્યાં વિરોધ અને અથડામણોના જવાબમાં તૈનાત સૈનિકો પર વારંવાર અતિશય બળનો ઉપયોગ કરવાનો આરોપ મૂકવામાં આવે છે. ૨૦૨૦ માં, નાઈજીરીયાના આર્થિક કેન્દ્ર લાગોસમાં પોલીસ બર્બરતા સામેના વિરોધ પ્રદર્શનો ત્યારે સમાપ્ત થયા જ્યારે સૈનિકોએ વિરોધ સ્થળ પર ગોળીબાર કર્યો.

વારંવાર ફરિયાદ આવતી હોવાથી બદલી કરવામાં આવશે : પાલિકા પ્રમુખ

# અમરેલી નગરપાલિકાના જન્મ-મરણ શાખાના ક્લાર્કનું તુમાખીભર્યું વર્તન

અમરેલી,તા.૧૦

જયારે કોઈનો જન્મ કે મૃત્યુ થયું હોય ત્યારે સ્વાભાવિક રીતે જન્મ કે મરણનું પ્રમાણપત્ર કાઢવા માટે તલાટી મંત્રી કે પાલિકામાં અરજદારો જતા હોય છે. પરંતુ અમરેલી નગરપાલિકાના જન્મ-મરણ શાખાના એક ક્લાર્કના તુમાખીભર્યા વર્તનથી અમરેલી શહેરમાં જન્મ કે મરણ થવું એ અભિશાપ જેવું બનવા પામ્યું છે. કારણ કે અમરેલીના લોકો જન્મ કે મરણનું પ્રમાણપત્ર કઢાવવા માટે નગરપાલિકામાં જાય ત્યારે ત્યાં બેઠેલા એક કલાર્કના તુમાખીભર્યા વર્તનથી અરજદારો ભારે પરેશાન બન્યા છે. અમરેલી શહેરમાં જન્મ અને મરણનું પ્રમાણપત્ર કઢાવવા માટે જવું એટલે અભિશાપ બનવા જેવું છે. અમરેલી પાલિકામાં બેઠેલા જન્મ-મરણ શાખાના ક્લાર્ક દિપક ગળથીયા અરજદારો સાથે ઉધ્ધતાઈભર્યુ વર્તન અને રાડારાડ કરતા હોવાથી અરજદારો ક્લાર્કના આવા વર્તનથી તોબા પોકારી ઉઠ્યા છે.

આ બાબતે અનેકવાર પાલિકાના ચીફ ઓફિસર અને પાલિકા પ્રમુખને રજૂઆત કરવામાં આવી છે પરંતુ અધિકારીઓ અને પદાધિકારીઓના ચાર હાથ આ તુમાખીભર્યા ક્લાર્કના માથા પર હોવાથી કલાર્કનો વાળ વાંકો થતો નથી. ચૂંટણી સમયે મતદારોના ઘૂંટણીયે પડતા પાલિકા સદસ્યો પણ કલાર્કની સામે ચૂં કે ચા કરતા નથી. દિપક ગળથીયા નામનો ક્લાર્ક ગમે તે અરજદારને પોતાની ફરજ બજાવવાના બદલે ખખડાવતો હોવાનું નજરે પડે છે. અમરેલી પાલિકામાં ભાજપને ખોબલે ખોબલે મત દીધા બાદ ભાજપના રાજમાં કર્મચારીઓનું શાસન ચાલતું હોય તેવું લોકો જણાવી રહ્યા છે. આ બાબતે અરજદારોની મુશ્કેલીને ધ્યાને રાખી ક્લાર્કની તાત્કાલિક બદલી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

## કારોબારી ચેરમેનના ઠરાવ બાદ બદલી થઈ શકે : ચીફ ઓફિસર

અમરેલી નગરપાલિકાના જન્મ-મરણ શાખા ક્લાર્ક દિપક ગળથીયાની બદલી બાબતે ચીફ ઓફિસર વિનોદ રાઠોડે જણાવ્યું હતું કે, ક્લાર્કની બદલી માટે કારોબારી ચેરમેનનો ઠરાવ જોઈએ જે ગાંધીનગર મોકલ્યા બાદ ક્લાર્કની બદલી થઈ શકે, કારણ કે રાજય સરકારના આરોગ્ય વિભાગમાંથી જન્મ-મરણના આઈ.ડી અને પાસવર્ડ લોગિન થતા હોય છે. ક્લાર્કના તુમાખીભર્યા વર્તનને કારણે પાલિકાને નીચુ જોવા જેવું થયું છે.

## ક્લાર્કની બદલી માટે સરક્યુલર ઠરાવ કરવામાં આવશે : કારોબારી ચેરમેન

અમરેલી પાલિકાના ક્લાર્ક દિપક ગળથીયાના વર્તનને કારણે અધિકારીઓ અને પદાધિકારીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આ અંગે કારોબારી ચેરમેન મનિષ ધરજીયાએ જણાવ્યું હતું કે, દિપક ગળથીયા સામે અરજદારોની વારંવાર રજૂઆત આવે છે. ક્લાર્ક દિપક ગળથીયાની બદલી માટે સામાન્ય સભાની રાહ જોવામાં નહી આવે પરંતુ સરક્યુલર ઠરાવ કરી આ ઠરાવ ગાંધીનગર મોકલવામાં આવશે તેમ અંતમાં કારોબારી ચેરમેને જણાવ્યું હતું.

## પેધી ગયેલા ક્લાર્ક સામે અત્યાર સુધી કેમ કાર્યવાહી ન કરાઈ?

અમરેલી નગરપાલિકાના જન્મ-મરણ શાખાના ક્લાર્ક દિપક વગળથીયા છેલ્લાં ઘણા સમયથી અરજદારો સાથે તુમાખીભર્યુ વર્તન અને અરજદારોને ખખડાવતો હોવાનું સામે આવ્યુ હતું. આ બાબતે અનેકવાર અજરદારોએ જવાબદાર અધિકારીઓ અને પદાધિકારીઓને રજૂઆત કરી હતી પરંતુ મત માંગતી વખતે ઘૂંટણીયે પડતા પદાધિકારીઓએ આ બાબતે કોઈ ધ્યાન આપ્યુ નહોતું જેથી અરજદારો ક્લાર્કના વર્તનનો ભોગ બની રહ્યા છે. અરજદારોની વારંવાર રજૂઆત બાદ પણ ક્લાર્કની સામે કોઈ કાર્યવાહી થતી ન હોવાથી કદાચ અધિકારીઓ કે પદાધિકારીના છુપા આશીર્વાદ હોવાનું અરજદારો જણાવી રહ્યા છે.

## બદલી માટે ચીફ ઓફિસર સાથે વાત થઈ છે : પાલિકા પ્રમુખ બીપીન લીંબાણી

અમરેલી નગરપાલિકાના જન્મ-મરણ શાખાના ઉધ્ધત વર્તન કરતા ક્લાર્ક દિપક ગળથીયાના વર્તન બાબતે પાલિકા પ્રમુખ બીપીન લીંબાણીએ જણાવ્યું હતું કે, દિપક ગળથીયા બાબત વારંવાર રજૂઆત આવે છે. તેના વર્તનથી અરજદારો ભારે પરેશાની ભોગવી રહ્યાં છે. આ ક્લાર્કની તાત્કાલિક બદલી થાય તે માટે ચીફ ઓફિસર સાથે વાત કરવામાં આવી છે અને ટૂંક સમયમાં જ તેની બદલી કરવામાં આવશે તેમ અંતમાં પાલિકા પ્રમુખે જણાવ્યું હતું.


## ક્લાર્ક સામેની ફરિયાદની માહિતી માંગતા પ્રાદેશિક કમિશનર

અમરેલી જન્મ-મરણ શાખાના ક્લાર્ક દિપક ગળથીયાના ઉધ્ધત વર્તન સામે શહેરીજનો તોબા પોકારી ઉઠ્યા છે. આ બાબતે પ્રાદેશિક કમિશનરને પણ ફરિયાદ કરવામાં આવી છે. જેથી આ બાબતે પ્રાદેશિક કમિશનરે ક્લાર્ક સામે ફરિયાદની માહિતી માંગી હતી જેથી ક્લાર્કની સામે કડક કાર્યવાહી થશે તેવી અરજદારો આશા સેવી રહ્યા છે.

ક્લાર્ક પર અધિકારીઓના હાથ હોવાથી કોઈ કાર્યવાહી થતી નથી, અરજદારોની રજૂઆત ધ્યાને લઈ ક્લાર્કની બદલી કરવા ઉગ્ર માંગ

# વૈષ્ણોદેવીથી પરત આવતા ગુજરાતના પ્રવાસીઓનો રાજસ્થાનમાં અકસ્માત : ત્રણના મોત, ૨૯ ઘાયલ

જયપુર,તા.૧૦



રાજસ્થાનના સીકરમાં ગમખ્વાર અકસ્માતની ઘટના બની છે. વૈષ્ણોદેવી મંદિરથી દર્શન કરીને પરત આવતા ગુજરાતી મુસાફરોની બસને અકસ્માત નડ્યો હતો. સીકરના ફતેપુર પાસે બસ અને ટ્રક વચ્ચે ટક્કરમાં ૩ લોકોના મોત નિપજ્યા છે. તેમજ ૨૯ લોકો ઘાયલ થયા છે. મંગળવારે મોડી રાત્રે સીકરના ફતેહપુરમાં બસ અને ટ્રક વચ્ચે ભયાનક માર્ગ અકસ્માત થયો. ફતેહપુર-બિકાનેર હાઈવે પર ઓસ્વાલ શક્તિ મંદિર નજીક બાયપાસ પાસે આ અકસ્માત થયો. આ અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા છે અને ૨૯ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. બસ વૈષ્ણોદેવીથી પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓને લઈ જઈ રહી હતી, જેમાંથી કેટલાક ગુજરાતના શ્રદ્ધાળુઓ સવાર હતા. ટક્કર બાદ બસ અને ટ્રકના આગળના ભાગને ભારે નુકસાન થયું હતું અને મુસાફરો ગભરાઈ ગયા હતા. બધા લોકોને ૧૦૮ એમ્બ્યુલન્સ અને ખાનગી વાહનોમાં હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. ગંભીર રીતે ઘાયલ ૧૭ લોકોને ફતેહપુરથી સીકર હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા.

# છેલ્લાં ૧૦ મહિનામાં રાજ્યમાં ૧.૧૧ લાખ ટીબીના દર્દીઓ નોંધાયા

અમદાવાદ,તા.૧૦

ટીબીની બીમારી ભારતમાં હજી પણ એક ગંભીર જાહેર આરોગ્ય સમસ્યા બની રહી છે. તાજેતરના આંકડાઓ દેશમાં ટીબીના કેસની ચિંતાજનક સ્થિતિ દર્શાવે છે, જ્યાં એક અંદાજ મુજબ ગત વર્ષે ટીબીના કારણે ૩ લાખ દર્દીઓના મોત થયા છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના મતે, વર્ષ ૨૦૨૪માં દેશમાં ટીબીના કારણે આટલા મોટા પ્રમાણમાં મૃત્યુ થયા હોવાનો અંદાજ છે, જે દર્શાવે છે કે આ રોગ સામેની લડાઈ હજુ લાંબી છે. ગુજરાતમાં પણ ટીબીના કેસ સતત વધી રહ્યા છે, જે ચિંતાનો વિષય છે. વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં ગુજરાતમાં પ્રતિ દિવસ સરેરાશ ૩૬૫ જેટલા ટીબીના નવા કેસ સામે આવ્યા છે. જાન્યુઆરીથી ઓક્ટોબર-૨૦૨૫ એમ છેલ્લા દસ મહિનામાં રાજ્યમાં ટીબીના કુલ ૧,૧૧,૯૦૯ દર્દીઓ નોંધાયા છે. એક અંદાજ પ્રમાણે, ટીબીની બીમારીમાં મૃત્યુનો રેશિયો લગભગ ૪ ટકાની આસપાસ છે. ગુજરાતમાં પ્રતિ દિવસ ટીબીની બીમારીથી પીડાતા ૧૬ જેટલા દર્દીઓના મોત થઈ રહ્યા છે. ગત વર્ષ ૨૦૨૪માં ગુજરાતમાં ટીબીના કુલ ૧.૩૭ લાખ દર્દીઓ રજિસ્ટર્ડ થયા હતા.

# અમરેલીમાં ૧૩.૯ ડિગ્રી સાથે રાજ્યમાં સુસવાટા બોલાવતી ઠંડી

અમદાવાદ,તા.૧૦

છેલ્લા થોડા દિવસથી પવનની ગતિ સામાન્ય કરતા વધુ રહી છે. પવન ૧૫થી ૨૦ કિ.મી.ની ઝડપે ફૂંકાઈ રહ્યો છે. અમુક વિસ્તારોમાં તેની ઝડપ ૨૫ કિ.મી. પ્રતિ કલાક સુધીની રહી છે. ત્યારે ૧૫ ડિસેમ્બર સુધીમાં પહેલા પવનની ગતિ થોડી વધીને ફરીથી પવનની ગતિ સામાન્ય થાય તેવી હવામાન નિષ્ણાતોએ આગાહી કરી છે. પવનને કારણે ઠંડી થોડી વધારે અનુભવાઈ રહી છે. ત્યારે ગુજરાતમાં આગામી દિવસોમાં કેવું હવામાન રહેશે તે અંગેની આગાહી જોઈએ. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રએ આપેલા વેધર રિપોર્ટ પ્રમાણે, ગુજરાતમાં ઉત્તર પૂર્વથી પૂર્વના પવનો ફૂંકાઈ રહ્યા છે. આગામી પાંચ દિવસ દરમિયાન ગુજરાતમાં લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. સોમવારે અમદાવાદમાં ૧૫.૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જ્યારે વડોદરામાં ૧૨.૬ ડિગ્રી, રાજકોટમાં ૧૩.૮, ડીસામાં ૧૩.૮, પોરબંદરમાં ૧૪.૪, ભૂજમાં ૧૪.૨, ગાંધીનગરમાં ૧૪.૮, અમરેલીમાં ૧૩.૯, ભાવનગરમાં ૧૪.૨, સુરતમાં ૧૮ અને વેરાવળમાં ૧૯.૮ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે.






# સુરતમાં વૃધ્ધ મહિલા સાથે જમીન સોદો કરવાને બહાને ૫૯.૬૧ કરોડની છેતરપિંડી

સુરત,તા.૧૦

શહેરમાં જમીન સોદાના નામે થયેલી એક મોટાપાયે છેતરપિંડીનો પર્દાફાશ થયો છે. સિટીલાઈટ વિસ્તારમાં રહેતી અંજનાબેન કાંતિલાલ શાહ નામની વૃદ્ધા સાથે જમીનના સોદા પેટે રૂ. ૫૯.૬૧ કરોડની છેતરપિંડી આચરવા બદલ સંજય અધેરા નામના શખ્સને પોલીસે ઝડપી લીધો છે. લોભામણી વાતો કરી ૫૯.૬૧ કરોડનો સોદો કરાવાયો હતો. મળતી માહિતી મુજબ અંજનાબેનની સુરત જિલ્લાના ચોર્યાસી સબ-ડિસ્ટ્રીક્ટ મોજે આભવા ખાતે રે.સ.નં.-૫૦૯, હિસ્સા નં-૧૨ નંબરની કિંમતી જમીન આવેલી છે. આ જમીન અંગે સંજય અધેરાએ વૃદ્ધાને લોભામણી વાતો કરી, અને જમીનની કુલ કિંમત રૂ. ૫૯,૬૧,૦૦,૦૦૦ નક્કી કરીને વેચાણ સોદો કરાવ્યો હતો. સાથે જ ૨૧ હજાર રૂપિયા પણ આપ્યા હતા. સોદા પેટે ચૂકવવાના કરોડો રૂપિયા આપવા બદલે આરોપીએ માત્ર રૂ. ૨૧ હજાર આપી, જમીન પર કબજો કરવાની ચાલ ચલાવી હતી.

# જામનગરમાં ધોળે દિવસે પિતરાઈ ભાઈએ ભાઈને છરીના ઘા ઝીંકી પતાવી દીધો

જામનગર,તા.૧૦



જામનગરમાં આજે ધોળા દિવસે એક યુવાનની હત્યા કરવામાં આવી હતી. પત્નીના છૂટાછેડા અને ત્યારબાદ અન્ય જગ્યાએ લગ્નને લઈને મામા-ફોઈના ભાઈઓ વચ્ચે આ ખૂની ઘટના બની હતી. ઘટના અંગે મળેલી માહિતી મુજબ, દિલીપ ચૌહાણ તેની પત્નીથી અલગ થઈ ગયો હતો, ત્યારબાદ તેની પત્નીએ જયેશ ચાવડા નામના યુવાન સાથે લગ્ન કર્યા હતા. આ વાતથી અસંતુષ્ટ દિલીપે આજે સવારે ૧૧:૩૦ વાગ્યે જયેશને છરીના ઘા મારીને હત્યા કરી દીધી હતી. જયેશ ચાવડા અને તેની પત્ની આજે સવારે ૧૧:૩૦ વાગ્યે બાઈક પર બહાર નીકળ્યા હતા. શહેરના રોડ ૪૯ પર નહેરુ નગર શેરી ૧૩ પાસે દિલીપે તેમને રોક્યા હતા, અને ઝઘડો થયો હતો. દિલીપ અને જયેશ વચ્ચે બોલાચાલી હિંસક ઝઘડામાં ફેરવાઈ ગઈ હતી, અને દિલીપે જયેશને છરીના ઘા મારીને હત્યા કરી દીધી હતી અને પછી ભાગી ગયો હતો. ઘટનાની જાણ થતાં, પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો.





